# ૪.૨ આગમવાચનાઓ અને આગમપરિચય

## આગમસંબંધી શબ્દોની સમજણ

| | | |
|---|---|---|
| આગમ | : | તીર્થંકર કેવળજ્ઞાની સર્વજ્ઞ વીતરાગ પ્રભુની મૌલિકવાણી |
| શ્રુત સ્કંધ | : | કોઈ પણ આગમનો પેટા વિભાગ |
| અધ્યયન | : | શ્રુતસ્કંધનો પેટા વિભાગ |
| ઉદ્દેશ | : | અધ્યયનનો પેટા વિભાગ |
| સૂત્ર | : | ઉદ્દેશનો પેટા વિભાગ |
| નિર્યુક્તિ | : | આગમો ઉપર ૧૪ પૂર્વધારી સમર્થ શ્રુતધર આચાર્યની પ્રાકૃત ભાષામાં શ્લોક બદ્ધ વ્યાખ્યા કે જેમાં શબ્દના વ્યુત્પતિ અર્થની પ્રધાનતા હોય છે. |
| ચૂર્ણિ | : | આગમોના ગુરુગમથી ચાલ્યા આવતા અર્થોનું સંકલન |
| ભાષ્ય | : | વૃદ્ધ પુરુષોએ જાળવી રાખેલ આગમિક પરંપરાનું સંકલન ટીકા સમર્થ જ્ઞાની ગીતાર્થ ભગવંતે કરેલ વ્યાખ્યા છેદ સૂત્ર અત્યંત ગંભીર અને ગૂઢ અર્થવાળા આગમો. |
| છેદસૂત્ર | : | અત્યંત ગંભીર અને ગૂઢ અર્થવાળા આગમો. |

## આગમવાચનાઓ

### (૧) પ્રથમ આગમવાચના :-

વીર નિર્વાણ સંવત્ ૧૫૫ લગભગમાં બાર વર્ષનો દુષ્કાળ પડ્યો. ત્યારે જૈન શ્રમણો દૂર-દૂર છૂટા-છવાયા વિખરાઈ ગયા. પઠન-પાઠન બંધ થઈ ગયું. આમ બાર વર્ષ સુધી પઠન-પાઠન બંધ થવાથી નવું જ્ઞાન કોઈને મળતું નહીં અને જ્ઞાનીઓનો સ્વર્ગવાસ થઈ ગયો. જે જ્ઞાનીઓ વિદ્યમાન હતા તેમનું જ્ઞાન પણ શીર્ણ-વિશીર્ણ થઈ ગયું હતું. બાર વર્ષ વીતી ગયા બાદ જિનાગમને ભેગું કરવા માટે શ્રી શ્રમણસંઘે આચાર્યશ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મહારાજાના શુભસાન્નિધ્યમાં પાટલિપુત્રમાં મુનિસમ્મેલન કર્યું. જેને જે યાદ હતું તેનું સંકલન કરી ૧૧ (અગ્યાર) અંગ વ્યવસ્થિત કર્યા. ૧૨માં અંગના પૂર્ણ અભ્યાસી કોઈ ના હતા. ત્યારે જાણવા મળ્યું કે આ. શ્રી ભદ્રબાહુસ્વામીજી, બાર અંગના પૂર્ણ જ્ઞાતા, મહાપ્રાણ ધ્યાન (જે ધ્યાન ની સિદ્ધિ થતાં, ચૌદ પૂર્વનાં જ્ઞાનનો માત્ર મૂહૂર્તમાં, સૂત્ર અને અર્થથી સ્વાધ્યાય કરી શકાય) ની સિદ્ધિ કરી રહ્યાં છે. તેમની પાસે ૧૨માં અંગનું જ્ઞાન લેવા માટે સ્થૂલભદ્રસૂરિજી આદિ ભગવંતો ને મોકલ્યા. આ રીતે આ પ્રથમ મુનિસમ્મેલન પાટલિપુત્રમાં થયું.

### (૨) બીજી આગમવાચના :-

વીરશાસનનાં સાધુઓનું જીવન અસંગ હોય છે એટલે બધાં ભેગા-ભેગાં ન વિચરે. તેથી પઠન-પાઠન એકસરખું ન ચાલે. અને જિનવાણી ને કંઠસ્થ રાખનાર સાધુઓની સંખ્યામાં ઘટાડો થતો ગયો તથા જિનવાણીને કંઠસ્થ રાખવાની ક્ષમતામાં પણ હ્રાસ થતો ગયો. તેથી સમ્રાટ્સંપ્રતિએ ઉજ્જૈનમાં આ. સુસ્થિતસૂરિજી મ.સા.ની અધ્યક્ષતામાં એક નાનકડી આગમવાચના રાખી હતી. અને મુનિવરો દૂર-દૂર ક્ષેત્રમાં વિચરે, ત્યાં પણ આગમાભ્યાસ ચાલુ રહે તેવી સંપૂર્ણ વ્યવસ્થા કરાવી હતી.

ત્યારબાદ થોડાંક જ વર્ષોમાં મોટી રાજક્રાંતિ આવી જેમાં જિનવાણીની રક્ષાનું કામ કપરું બની ગયું.

સેનાપતિ પુષ્યમિત્રે રાજદ્રોહ કરી પટણાની ગાદી લઈ લીધી. ધર્માંધ બની જૈન શ્રમણો અને બૌદ્ધ સાધુઓનો શિરચ્છેદ કરાવવા દ્વારા હાહાકાર મચાવી દીધો હતો.


www.jainuniversity.org

આ આપતિથી બચવા જૈન શ્રમણો એકદમ કલિંગ તરફ ચાલ્યા ગયા. પઠન-પાઠન બંધ થઈ ગયું.

આ સમયે કલિંગનો રાજા ખારવેલ પરમ જૈન હતો. તેણે પુષ્યમિત્રને હરાવ્યો. ત્યારબાદ કલિંગમાં આવી આ. સુસ્થિતસૂરિજી અને આ. સુપ્રતિબદ્ધસૂરિજીની અધ્યક્ષતામાં કુમરગિરિ પર મોટું શ્રમણ સમ્મેલન કરી, બીજી આગમવાચના કરી.

'હિંમવંત સ્થવિરાવલિ'માં જણાવ્યું છે કે - આ. મુનિસમ્મેલનમાં જિનકલ્પીની તુલના કરનાર આ. મહાગિરિજી મ.નાં શિષ્યો -પ્રશિષ્યો આ. બલિસ્સહસૂરિ, આ. ધર્મસેનસૂરિ વિગેરે ૨૦૦ (બસ્સો) શ્રમણો, આ. સુસ્થિતસૂરિ વગેરે ૩૦૦ (ત્રણસો) સ્થવિરકલ્પી શ્રમણો, આર્યાપોઈણી આદિ ૩૦૦ (ત્રણસો) શ્રમણીઓ, સીવંદ ચૂર્ણક સેલક વગેરે ૭૦૦ (સાતસો) શ્રાવકો અને પૂર્ણમિત્રા આદિ ૭૦૦ (સાતસો) શ્રાવિકાઓ આવેલ હતા. આ વાચનામાં અગ્યાર અંગો અને ૧૦ (દસ) પૂર્વોનાં પાઠોને વ્યવસ્થિત કરવામાં આવ્યા હતા. તથા આચાર્ય બલિસ્સહસૂરિજીએ આ વાચનાના પ્રસંગને અનુલક્ષીને વિદ્યાપ્રવાદ પૂર્વમાંથી અંગવિદ્યા વગેરે શાસ્ત્રોની રચના કરી હતી. આ રીતે આ બીજી મોટી આગમવાચના થઈ હતી.

### (૩) ત્રીજી આગમવાચના :-

વીર નિર્વાણસંવત્ ૫૯૨ લગભગમાં ત્રીજી આગમવાચના થઈ હતી. આ વજ્રસ્વામીજીનાં સમયમાં બાર વર્ષનો ભયંકર દુષ્કાળ પડ્યો. આ દુષ્કાળ સમયે આ. વજ્રસ્વામીજી આદિ ઘણાં શ્રમણ-શ્રમણીઓ જ્યાં-ત્યાં અનશન કરી સ્વર્ગવાસ પામ્યા હતા. જેના કારણે ઘણાં ગણો, કુલો, વાચકવંશ વિગેરેનો વિચ્છેદ થયો. સાધુઓની સંખ્યા ખૂબ ઓછી થઈ ગઈ હતી.

સુકાળ થતાં જ સંઘે આગમરક્ષાનો પ્રશ્ન હાથ ધર્યો. આ સમયે સંઘમાં વાચનાચાર્ય નંદિલસૂરિજી, યુગપ્રધાન આ. રક્ષિતસૂરિજી અને ગણાચાર્ય ઓ વજ્રસેનસૂરિજી પ્રધાન પ્રભાવકો હતા.

આચાર્ય રક્ષિતસૂરિજી ૯ ૧/૨ (સાડા નવ) પૂર્વના જ્ઞાતા હતા. તેમણે વિચાર્યું કે (૧) **એક તો** પડતો કાળ છે અને ૧૨-૧૨ વર્ષના દુષ્કાળથી શ્રુતજ્ઞાનમાં મોટો હ્રાસ થયો છે અને હવે જો આવા એક-બે દુષ્કાળ પડે તો શ્રુતજ્ઞાનનો સર્વથા નાશ થઈ જાય એમ છે. (૨) **બીજું** સંઘયણ બળ પણ ઘટતું જાય છે. દુર્બલિકાપુષ્પમિત્ર જેવા બુદ્ધિમાન મુનિઓ પૂર્વધર તો બન્યા પણ દુબળાં જ રહે છે અને આગમોના એકેક અનુયોગને રાખવાની વિનંતી કરે છે. (૩) **ત્રીજું** જિનાગમોનાં દરેક સૂત્રો અનંતા અર્થોથી ભરેલાં છે. દરેક સૂત્રોમાં (૧) દ્રવ્ય, (૨) ગણિત, (૩) ચરણ-કરણ, (૪) ધર્મકથા- એ ચાર અનુયોગો છે અને એ ચારે અનુયોગોને ગ્રહણ કરી શકે- ટકાવી શકે એવા સાધુઓ ઓછાં છે માટે આ ચાર અનુયોગોની રક્ષા કરવા જતાં સૂત્રોની રક્ષા કરવી મુશ્કેલ થઈ જશે. તથા (૪) **ચોથું** શ્રુતધરો સ્થવિર છે, વૃદ્ધ છે. અને નાગેંદ્ર વિગેરે મુનિઓ નવા છે, તેઓને જલદી શ્રુતજ્ઞાન આપી દેવું જોઈએ પણ કાળ થોડોને કામ ઘણું છે. ઈત્યાદિ ગંભીર વિચારણાઓનાં અંતે, સમકાલીન પ્રભાવક આચાર્યોની સમ્મતિ લઈને નિર્ણય કર્યો કે - દરેક 'દરેક સૂત્રપાઠોનાં એકેક પ્રધાન અર્થ કાયમ રાખી, ગૌણ અર્થોને જતાં કરવા' અને એ રીતે દરેક આગમોને ચાર અનુયોગમાં વહેંચી દીધા. તે આ પ્રમાણે

(૧) દ્રવ્યાનું યોગમાં - દષ્ટિવાદ

(૨) ગણિતાનું યોગમાં - સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ વિગેરે.

(૩) ચરણ - કરણાનુયોગમાં - ૧૧ અંગો, છેલસૂત્રો, ઉપાંગો, મહાકલ્પ, મૂલસૂત્ર

(૪) ધર્મકથાનુ યોગમાં - ઋષિભાષિત, ઉત્તરાધ્યયન વિગેરે

'ઉપકેશગચ્છ પટ્ટાવલી'માં ઉલ્લેખ છે કે શ્રમણસંઘનું સમ્મેલન કરી, આ. વિજયસેનસૂરિજીએ ચાર કુલોની સ્થાપના કરી. અને વિદ્યમાન તમામ મુનિઓ પણ આ ચાર કુલોમાં ભળી ગયા.

### (૪) ચોથી આગમવાચના:-

વીર નિર્વાણ સંવત્ ૯૨૦ની આસપાસનો કાળ ભયંકર હતો. સૌરાષ્ટ્રમાં બૌદ્ધાચાર્ય નંદે વિતંડાવાદ ચલાવ્યો હતો. ઉત્તર ભારતમાં હૂણો અને ગુટતોનું ખૂંખાર યુદ્ધ ચાલ્યું હતું અને એક સાથે બાર વર્ષનો ભયંકર દુષ્કાળ પડ્યો હતો, જેના લીધે સર્વત્ર અન્ન-જળનાં સાંસા પડવા લાગ્યા; ભૂખમરો અને રોગચાળો ફેલાઈ ગયો હતો.

આ ભયંકર કાળમાં જૈન શ્રમણોનો વિહાર રોકાઈ ગયો, પઠન-પાઠન બંધ થઈ ગયું

બાર વર્ષ બાદ સૌરાષ્ટ્રમાં જૈનાચાર્ય મલ્લવાદી સૂરિજી જીત્યા, યુદ્ધો બંધ થયા અને દુષ્કાળ પૂર્ણ થયો.

આ સમયે આ. સ્કંદિલસૂરિજી અને આ. નાગાર્જુન સૂરિજીએ ચોથી આગમવાચના કરી.

આ વાચના ઐતિહાસિક છે, કારણ અત્યાર સુધી જિનાગમો માત્ર કંઠસ્થ રહેતા હતા, લખાતા ન હતા. આ આગમવાચનામાં નિર્ણય થયો કે જો હવે આગમો ગ્રંથસ્થ નહીં થાય તો જિનાગમો વિચ્છેદ થઈ જશે. કારણ કે શ્રમણોની કંઠસ્થ કરવાની – ટકાવવાની ક્ષમતા ઝડપથી ઘટી રહી છે. માટે આ આગમવાચનાનાં ગ્રંથો લખવાની શરૂખાત થઈ.

જ્યારે આચાર્ય નાગાર્જુને વલભીમાં દક્ષિણાપથનાં જૈન શ્રમણોને ભેગા કરી ચોથી આગમવાચના કરી હતી અને સર્વાનમતે તૈયાર થયેલ પાઠને પુસ્તકરૂપે લખ્યો હતો. આ કાર્યમાં આ. ગોવિંદ અને આ. મલ્લવાદી વગેરેનો પૂરેપૂરો સહકાર હતો.

મથુરા અને વલભીમાં થયેલી આગમવાચનાનાં પાઠો જુદાં છે. આ બન્ને વાચનાના આગમપાઠોને પરસ્પર મેળવી એક ચોક્કસ પાઠ કરવાનો બાકી હતો. તેમણે મળવાનો યોગ ન થયો. અને એ કાર્ય અધુરું રહ્યું. અને આ. સ્કંદિલસૂરિજીએ પોતાનાં શિષ્યોને પોતાની વાચના આપી અને આ. નાગાર્જુનસૂરિજીએ પોતાના શિષ્યોને પોતાની આગમવાચના આપી. આ રીતે આ. સ્કંદિલસૂરિજીની વાચના અને આ. નાગાર્જુનસૂરિજીની વાચના એમ બે પાઠ કાયમનાં રહી ગયા. એટલે આ. સ્કંદિલસૂરિજીની વાચના 'માથુરી વાચના' અને આ. નાગાર્જુનસૂરિજીની વાચના 'વલ્લભી વાચના' તરીકે પ્રસિદ્ધ થઈ. આ ચોથી આગમવાચના મથુરામાં જે સ્થાને થઈ, તે સ્થાન આજે 'ચોરાશી મંદિર' તરીકે પ્રસિદ્ધ છે.

તથા આ સમયે આ. ગંધહસ્તિજી (જેમણે ત્રણ પૂર્વનું જ્ઞાન હતું) એ અંગો પર નિર્યુક્તિ અનુસરતાં વિવરણો બનાવ્યા અને એમને જ બનાવેલ તત્ત્વાર્થસૂત્ર પર ૮૦૦૦૦ (એંસી હજાર) શ્લોકપ્રમાણ મહાભાષ્યની રચના કરી.

આ 'માથુરી વાચના'ના ગ્રંથો મથુરાના ઓસવાળ શ્રાવક પોલાકે તાડપત્રો પર લખાવી મુનિઓને વાંચવા આપ્યા.

**(૫) પાંચમી આગમવાચના:-**

આ. સ્કંદિલસૂરિજીની 'માથુરી વાચના'નો વારસો આ. દેવર્ધિગણી શ્રમાશ્રમણ પાસે હતો અને આ. નાગાર્જુનસૂરિજીની 'વલભી ભાચના'નો વારસો આ. ભૂતદિન્નસૂરિજી તથા આ. કાલકસૂરિજી (ચોથા) પાસે હતો.

આ. દેવર્ધિગણી ક્ષમાશ્રમણને કપર્દીયક્ષ, ગોમુખયક્ષ અને ચક્કેસરી દેવી પ્રસન્ન હતાં.

આ. દેવર્ધિગણીજી અને આ. ભૂતદિન્નસૂરિજીએ ભેગા મળી વીર નિર્વાણ સંવત્ ૯૮૦ (નવસો એંસી)મા વલ્લભીપુરમાં મોટું મુનિસમ્મેલન કર્યું.

આ આગમવાચનામાં બન્ને આગમપાઠોને ('માથુરી વાચના' અને 'વલભી વાચના'નાં) તપાસી એક ચોક્કસ પાઠ તૈયાર કર્યો. જેમાં આ. સ્કંદિલસૂરિની વાચનાનાં પાઠને કાયમ રાખ્યો અને આ. નાગાર્જુનસૂરિજીનાં પાઠને 'વાચનાંતર' તરીકે દાખલ કર્યો. આ સિવાય પણ બીજા પાઠાંતરો હતાં તેને પણ 'એગે' એવું કહીને દાખલ કર્યા.

આ રીતે દરેક આગમોને પુસ્તકારૂઢ કર્યા.

અત્યારે આપણને જે આગમો મળે છે, તે આ આગમવાચનાનાં જ ફળો છે.

## જિનાગમોનો સંક્ષિપ્ત પરિચય

તીર્થની સ્થાપના કરે તે તીર્થંકર. તીર્થ એટલે પ્રથમ ગણધર. તીર્થ એટલે દ્વાદશાંગી, તીર્થ એટલે ચતુર્વિધ સંઘ. તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાન પ્રગટાવી સૌ પ્રથમ દેવનિર્મિત સમવસરણમાં બેસી બારપર્ષદા સન્મુખ ચતુર્મુખે ધર્મદેશના આપે છે. બીજ બુદ્ધિનાં નિધાન એવા શ્રી ગણધર ભગવંતો, ભગવાનના મુખમાંથી નીકળેલા વચનોને ધારણ કરી શબ્દ રુપે ગુંથે છે. તેમાંથી દ્વાદશાંગીની રચના કરે છે.

અર્થથી તીર્થંકર ભગવંતોએ અને સૂત્રથી ગણધર ભગવંતોએ રચેલ આ આગમો, ભવ્યજીવોને મોક્ષમાર્ગ બતાવે છે. તેમાર્ગે ચાલીને અનંતા આત્માઓ ભવસાગરને તરી મોક્ષ પદને પામ્યા છે. તીર્થંકર પરમાત્મા લોકોત્તર આપ્ત પુરુષ છે. આપ્તનુ વચન અવિસંવાદિ હોય છે. કારણ તેઓ સર્વજ્ઞ, સર્વદર્શિ અને વીતરાગ છે. સર્વજ્ઞકથિત વચન અસત્ય કે વિસંવાદી ન હોય. એકાંતે જીવમાત્રનું કલ્યાણ કરનાર જ હોય માટે ૧૪૪૪ ગ્રંથના સર્જનહાર પૂજયપાદ શ્રી હરિભદ્રસૂરિ મ. સાહેબે કહ્યું છે...

**"દૂષમકાળના દોષોથી દૂષિત અમારા જેવા અનાથ જીવોનું શું થાત, જો જિનાગમ ન હોત તો ....? જગતમાં એવું કોઈ શ્રુત નથી, એવું કોઈ તત્વ નથી, એવી કોઈ વિદ્યા નથી,એવી કોઈ વસ્તુ નથી જે જિનાગમમાં ન હોય. અન્ય દર્શનોમાં પણ જે કંઈ સારુ અને ઉપાદેય છે તે જિનાગમોના જ અંશો છે."**

જિનાગમના હાર્દને સમજવા માટે નય, નિક્ષેપ, પ્રમાણ, સપ્તભંગીનો અભ્યાસ કરવો જરુરી છે. જિનાગમોનો અભ્યાસ કરનારને અવશ્ય પ્રતીતિ થશે કે જડ-ચેતન દ્રવ્યોનું આવું સ્વરુપ બતાવનાર સર્વજ્ઞ-સર્વદર્શી સિવાય અન્ય કોઈ સંભવી ન શકે. જિનાગમ એક મહાસાગર છે. તે વિશાળ અનંત અર્થોથી ભરેલો, રહસ્યમય, ઉંડાણયુક્ત અને અત્યંત ગભીર છે. આવા જિનાગમોનો સંક્ષિપ્ત પરિચય અહીં આપવામાં આવ્યો છે. જે શ્રી વર્ધમાન-જૈન આગમ મંદિર સંસ્થા(પાલીતાણા)માંથી લેવામાં આવ્યો છે.

# ૪૫ (પિસ્તાલીશ) આગમોનો ટૂંકમાં પરિચય

## ૧. શ્રી આચારાંગ સૂત્ર

શ્રી ગણધર ભગવંત રચિત દ્વાદશાંગ સ્વરુપ જિનાગમો પૈકીનું આ પ્રથમ સૂત્રનુ મૂળ આગમોક્ત નામ આચાર છે. ૧૮ હજાર પદ પ્રમાણ આ સૂત્ર ના બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધનું નામ બ્રહ્મચર્ય શ્રુતસ્કંધ છે અને તેના નવ અધ્યયનો છે.

બીજા શ્રુતસ્કંધનુ નામ આચારાંગ છે. આના સોલ અધ્યયનો છે. પ્રથમ શ્રુતસ્કંધનુ સાતમુ મહાપરિજ્ઞા અધ્યયન વિચ્છેદ ગયેલ હોવાથી હાલમાં મલતુ નથી. અંતિમ દશ પૂર્વધર શ્રી વજસ્વામી સુધી આ અધ્યયન હતુ એવા પ્રમાણ મળે છે.

આ સૂત્રમાં ગોચરી જવાની વિધિ બતાવવામાં આવી છે. વિનયનુ ફળ કાર્યોત્સર્ગ–આસન–શયન–વિહાર–ગમન–આવાગમન વગેરે સાધુ જીવનની ઉપયોગી બાબતો સૂક્ષ્મતાથી અને વિસ્તારથી સમજાવાય છે. શાસ્ત્રની શરુઆતમાં પૃથ્વીકાય આદિ છ કાયોમાં પણ જીવ છે તેનુ પ્રતિપાદન કરાયુ છે.

આ સૂત્રની પાંચ ચૂલિકાઓ–ચૂલાઓ છે. પણ હાલમાં પાંચમી ચુલિકાનો શ્રી નિશીથસૂત્ર તરીકે છેદ ગ્રંથોમાં સમાવેશ થયેલ હોવાથી ચાર ચૂલિકાઓ જણાવી છે. અને નિશીથસૂત્રનુ બીજુ નામ આચાર પ્રકલ્પ છે.

સાધુ–સાધ્વીઓને પોતાના સંયમ જીવનની સુરક્ષા અને સલામતી માટે તથા છકાયના જીવો પ્રત્યેની શ્રદ્ધાની દ્રઢતાને સમજવા – સમજાવવા ને કેળવવા માટે આ ગ્રંથ અતિ ઉપયોગી છે.

## ૨. શ્રી સૂયગડાંગ સૂત્ર

આ સૂત્રનું આગમોક્ત નામ સુયગડ છે. આના બે શ્રુતસ્કંધો છે. પ્રથમ શ્રુતસ્કંધનુ નામ ગાથા ષોડશક છે. અને તેના ૧૬ અધ્યયનો છે. ભગવાન મહાવીરદેવના સમયમાં એમના જ સમવસરણમાં આવનારા ૩૬૩ પાખંડિઓનો અધિકાર આ સૂત્રમાં છે.

શ્રી ઋષભદેવ પ્રભુએ પોતાની પાસે સલાહ લેવા માટે આવેલાં પોતાના ૯૮ પુત્રોનાં પ્રશ્નોનાં સમાધાન આપે છે. જે સાંભળીને ૯૮ પુત્રો પ્રતિબોધ પામે છે.

છઠ્ઠા અધ્યયનમાં ભગવાન મહાવીરના ગુણોનુ વર્ણન છે. જેમાં ભગવંતની ગંભીરતા તપ – જ્ઞાન – સ્વાધ્યાયાદિનો મહિમા ગવાયો છે.

બીજા શ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનમાં અનાર્યદેશમાં જન્મેલ આર્દ્રકુમારના જીવન વિશે વિસ્તૃત વિગતો આપવામાં આવી છે. આમા આર્દ્રકુમાર ગોશાલાને મળે છે. અને તેની સાથે ચર્ચા કરે છે. અને તેની માન્યતાનું ખંડન કરે છે વિગેરે બાબતો વધુ સારી રીતે સમજાવાઈ છે.

આ સૂત્રના ૩૬ હજાર પદો છે. હાલમાં ૨૧૦૦ શ્લોક પ્રમાણ ગ્રંથ મલે છે.

### ૩. શ્રી સ્થાનાંગસૂત્ર (ઠાણાંગ)

દ્વાદશાંગીના આ ત્રીજા સૂત્રનું શાસ્ત્રીય નામ ઠાણં અથવા ઠાણાંગ છે. આ સૂત્રનો એક શ્રુતસ્કંધ છે અને તેના દશ અધ્યયનો છે.

આ સૂત્રની રચના શૈલી અંક શાસ્ત્રની પદ્ધતિએ ગોઠવાઈ છે. જેમાં કુલ એકથી દશ સુધીનાં આંકડા પ્રમાણે આ જગતમાં જે-જે-દ્રવ્યો-પદાર્થો વગેરે છે. તેની યાદી બનાવાય છે. બૌદ્ધગ્રંથ અંગત્તર નિકાયમાં પણ આ શૈલી અપનાવાઈ છે.

મહાભારતના આરણ્યક પર્વના ૧૩૪માં અધ્યાયમાં પણ આ શૈલી અપનાવાઈ છે.

શ્રી ભગવાન મહાવીરના સમયમાં જેઓએ તીર્થંકર નામકર્મ બાંધેલ છે તેવા સુલતા-રેવતી શ્રેણીક વગેરે નવ પુણ્યશાળીઓનો ઉલ્લેખ નવમાં અધ્યયનમાં દૃષ્ટિગોચર થાય છે.

ભગવંત શ્રી વીરપ્રભુએ જે આઠ રાજાઓને પોતે દીક્ષા આપી છે તે રાજાઓની નામાવલી પણ આંઠમા અધ્યયનમાં જોવા મલે છે.

જૈન ભૂગોળ વિશે પણ આમાં ઘણી માહિતી ઉપલબ્ધ છે.

હાલમાં આ સૂત્રનું ૩૭૦૦ શ્લોકોનું પ્રમાણ ગણાય છે. આ સૂત્રના ૭૨૦૦૦ પદો છે.

### ૪. શ્રી સમવાયાંગ સૂત્ર

ચોથા અંગસૂત્રનું સમવાય આવું નામ છે. જે હાલમાં સમવાયાંગ સૂત્ર તરીકે પ્રસિદ્ધ છે.

આ આગમ એક જ શ્રુતસ્કંધ (રુપ) છે. એક જ અધ્યયન છે અને બધુ મળીને કુલ ૧૩૫ સૂત્રો છે.

આ સૂત્રમાં પણ ત્રીજા સૂત્રની જેમ જ એકથી ૧૦૦સુધીના અને તેથી પણ આગળ વધીને ૨૦૦-૩૦૦-૪૦૦થી માંડીને ૧ લાખ, ૧૦ લાખ અને તેની ઉપર ઠેઠ કોટોકોટી સાગરોપમની સ્થિતિવાળા સંખ્યા સુધીના પદાર્થો ભગવાન મહાવીરદેવે પ્રરુપિત કર્યા છે તે સમાવાયા છે.

પછી બાર અંગોનું સંક્ષિપ્ત સ્વરુપ પણ સમજાવાયું છે. ખાસ ૭-૧૧-૧૪-૩૦-૩૬-૪૨-૫૩-૫૪-૫૫-૭૦-૮૨-૮૩-૮૯-૧૦૪-૧૦૬-૧૧૦-૧૧૧-૧૩૪-૧૩૫ વિગેરે કુલ ૧૯૫ સૂત્રોમાં પ્રભુ મહાવીર વિશેની માહિતીઓ પણ આપવામાં આવી છે.

આમા તારા-નક્ષત્રો-ગ્રહો વિશેની માહિતી પણ પ્રાપ્ત છે. ખગોળ, ભૂગોળ, દેવલોક વિશેની પણ માહિતી છે. ખાસ પ્રભુ મહાવીર સિવાયના આ અવસર્પિણીના ૨૩ તીર્થંકરોને સૂર્યોદય સમયે કેવળજ્ઞાન થયું છે. તથા પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સિવાયના ૨૩ તીર્થંકરો ૧૧ અંગનાં જાણકાર હતા.

બ્રાહ્મી લિપીના માતૃકાક્ષરો-મૂળાક્ષરો ૪૬ છે. આ સૂત્રના ૧૪૪૦૦૦ પદો છે હાલમાં ૧૬૬૭ શ્લોકપ્રમાણ મળે છે.

## ૫. શ્રી ભગવતીસૂત્ર (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સૂત્ર)

સર્વાનુયોગ જેમાં વર્ણવાયેલો છે તેવા આ પાંચમાં અંગનું શાસ્ત્રીય નામ વિવાહપન્નતિ છે. આ સૂત્ર ભગવતી સૂત્રના નામથી વધુ પ્રસિદ્ધ છે.

આ સૂત્રના પ્રારંભમાં જ પંચપરમેષ્ઠિને અને બ્રાહ્મી લિપીને પણ નમસ્કાર કરેલ છે.

આ સૂત્રમાં પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામીએ પ્રભુવીરને પુછેલા ૩૬૦૦૦ હજાર પ્રશ્નોના સમાવેશ થયો છે, તથા વીરપ્રભુને જયંતી નામની રાજકુમારી શ્રાવિકાએ પણ પુછેલા અમુક પ્રશ્નો તથા તેના ઉત્તરો અને તુંગિયા નગરીના શ્રાવકોએ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પરંપરામાં રહેલા શિષ્યોને પુછેલા પ્રશ્નોત્તરોનો પણ સમાવેશ થયો છે.

આ સૂત્રમાં દરેક પ્રશ્નના ઉત્તરમાં આવતા ગૌતમ શબ્દનું પેથડશાહ મંત્રીએ ૧-૧ સોનામહોરથી પૂજન કરી બહુમાન કરેલ હતું. તથા નવાંગી વૃતિકાર શ્રી અભયદેવસૂરિજીએ આ મહાન અર્થગંભીરસૂત્રને 'જયકુંજર' નામના હાથીની સાથે સરખાવીને સૂત્રની મહાનતાને ચાર ચાંદ લગાવી દીધા છે. અત્યારે પણ આ સૂત્ર વિશિષ્ટવિધિથી વ્યાખ્યાનમાં વંચાય છે.

આ આગમમાં દરેક વિષયનાં પ્રશ્નોત્તરોનો સમાવેશ છે. એટલે અભ્યાસી અને જીજ્ઞાસુઓને ખુબજ ઉપયોગી છે.

આ સૂત્રના ૪૧ શતક, ૧૦૦ થી વધુ અધ્યયનો, ૧૦૦૦ ઉદ્દશાઓ અને ૨૮૮૦૦૦ પદો છે. 'વિવાહપન્નતિ' આ નામના દશ અર્થ પણ આમાં છે. તથા ઋષભદત્ત અને દેવાનંદાની દીક્ષા અને મોક્ષની વાતો પણ આમાં સમાયેલ છે.

## ૬. શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર

આ અંગેનું મૂળનામ 'નાયાધમ્મકહા' છે. અને તેના બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધનું નામ જ્ઞાતશ્રુતસ્કંધ છે. અને બીજાનું નામ ધર્મકથાશ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધનાં ૧૯ અધ્યયનો છે અને બીજાના ૧૦ વર્ગ છે.

આ સૂત્રના પ્રથમ અધ્યયનમાં હાથીનાં ભવમાં સસલાના જીવની રક્ષા ખાતર અઢી દીવસ સુધી એક પગ ઉંચો રાખનાર મેઘકુમારના જીવનના વૈચારિક પતન અને ઉત્થાનની અદ્ભુત કથા વર્ણવાયેલ છે.

આ સિવાય કેટલાક રુપકકથાઓના દૃષ્ટાંતોવાળા તુંબક અધ્યયન જેવા અધ્યયનો પણ છે. અને મલ્લિનાથ ભગવંતનું જીવનદર્શન કરાવતું 'મલ્લિ અધ્યયન' પણ આઠમા અધ્યયન તરીકે વર્ણિત છે.

વધુમાં સદ્ગુરુની સંગતિ વિના અને ઉપદેશામૃતના સહારા વિના આત્માનું કેવું ભયંકર પતન થાય છે તે સમજાવતું ૧૩મું અધ્યયન છે. જેમાં નંદમણિયારનું જીવનવૃતાંત છે.

દ્રોપદીના અધિકારમાં દ્રૌપદીએ જિનપૂજા કરી છે તેવો અધિકાર આ મૂળ સૂત્રમાં છે.

બીજા શ્રુતસ્કંધમાં ઈન્દ્રની પત્નીઓ-ઇન્દ્રાણીઓના વૃતાંતોનો સમાવેશ થાય છે.

## ૭. શ્રી ઉપાસકદશાંગ સૂત્ર

આ સૂત્રનું શાસ્ત્રીય નામ 'ઉવાસકદશા' છે. ઉપાસક અને દશા એમ બે શબ્દો ઉપરથી આ નામ સ્થાપિત થયુ છે. ઉપાસક શબ્દનો અર્થ શ્રાવક છે અને દશાનો અર્થ દશ છે, અર્થાત જેના દશ અધ્યયનોમાં શ્રમણ ભગવાન મહાવીરનાં આનંદ વગેરે દશ શ્રાવકોનો અધિકાર વર્ણવાયેલ છે, તે સૂત્ર.

પ્રથમ અધ્યયનમાં આનંદ શ્રાવકનાં અધિકાર સાથે આનંદ અને ગૌતમ સ્વામી વચ્ચે થયેલ ચર્ચાનો ઉલ્લેખ છે. છેવટે ગૌતમ સ્વામી અવિધજ્ઞાની આનંદને ખમાવે છે.

બીજા અધ્યયનથી ૮માં અધ્યયન સુધીમાં આવતાં કામદેવ વગેરે શ્રાવકોને દેશિવરતિ ધર્મથી ચલિત કરવા દેવતાએ કરેલ ઉપસર્ગોનું વર્ણન છે.

તથા સદ્દાલપુત્ર નામનાં શ્રાવક પહેલા ગોશાલાનો ધર્મ માનતા હતા, પણ વીર પ્રભુનાં ઉપદેશથી પ્રતિબોધ પામ્યા છે. તે વાત ૭માં અધ્યયનમાં છે. ૮માં અધ્યયનમાં પોતાની પત્નીને સત્ય પણ અપ્રિય કહેવા બદલ મહાશતક શ્રાવકને ભગવાન આલોચના કરવાનુ જણાવે છે. અને તે શ્રાવક આલોચના કરીને શુદ્ધ થાય છે.

ભગવાન મહાવીરના ૧૦ શ્રાવકોમાંથી આનંદ–કુંડકોલિક તેતલિપિતા ને નંદિનીપિતા આ ચારને દેવતાના ઉપસર્ગ થયા નથી.

આ સૂત્રના ૫૭૬૦૦૦ પદ છે. વર્તમાનમાં ૮૧૨ શ્લોક પ્રમાણે તે સૂત્ર મળે છે.

## ૮. શ્રી અંતકૃદ્દશાંગ સૂત્ર

અંતગડદશા આ પ્રાકૃતનામ આઠમાં અંગ સૂત્રનું શાસ્ત્રીય નામ છે. આ સૂત્ર આઠ વર્ગ અને બાણું અધ્યયનમાં વિભક્ત છે.

'અંતકૃત્' શબ્દ જૈન દર્શનમાં કેવલજ્ઞાન પામીને તરત જ આયુષ્ય પુર્ણ કરી આઠે કર્મોનો ક્ષય કરીને સિદ્ધ થનારા આત્માઓને અંગે વપરાતો પારિભાષિક શબ્દ છે.

આ સૂત્રમાં પણ દરેક વર્ગના દરેક ઉદ્દેશા આવા આત્માઓના જીવન ચરિત્રોના અધિકારમાં છે. જેમાં યાદવવંશવિભૂષણ શ્રી અંધક વિષ્ણુના ગૌતમ વગેરે આઠ પત્રો શ્રી નેમિનાથ ભગવંત પાસે દીક્ષા ગ્રહણ કરીને શ્રી શત્રુંજય પર્વત પર અંતકૃત્ કેવલી થઈ સિદ્ધ થવાની વાત આવે છે.

આ સિવાય સ્મશાનમાં કાઉસ્સગ્ગધ્યાને રહેલા ગજસુકુમાલ મુનિના માથે સળગતા અંગારા (કોલસા) મુકીને મરણાંત ઉપસર્ગ કરનારા પોતાના સસરાના ઉપસર્ગને સમભાવપૂર્વક સહન કરીને કેવલી થઈ મોક્ષ પામનારા શ્રી કૃષ્ણના ભાઈ ગજસુકુમાલ મુનિનું જીવનવૃત્તાંત પણ થાય છે. અને અઈમુત્તા મુનિની જીવન કહાની પણ આ આગમમાં છે. આ સિવાય અર્જુનમાલીનો પણ અધિકાર છે.

આ સિવાય શ્રેણિકરાજાની રાણી 'મહાસેનકૃષ્ણાએ' દીક્ષા ગ્રહણ કરીને વર્ધમાન તપની કરેલ ૧૦૦ઓળીની આરાધનાનો પણ ઉલ્લેખ છે. આ સૂત્રનાં પદ ૧૧,૫૨,૦૦૦ છે. વર્તમાનમાં ૮૫૦ શ્લોક પ્રમાણ પ્રાપ્ત થયેલ છે.

## ૯. શ્રી અનુત્તરોપપાતિકદશાંગ સૂત્ર

આ સૂત્રનું નામ આગમોમાં 'અનુત્તરોવવાઈદશા' છે. અને તેના ત્રણ વર્ગોના તેત્રીસ અધ્યયનો છે. અને તેમાં સુવિશુદ્ધ નિર્મલ ચારિત્રનું પાલન કરીને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા મહાપુણ્યશાળી ભવ્યાત્માઓના જીવન ચરિત્રો છે. જેમાં શ્રેણિક રાજાની ધારિણીરાણીના જાલી વગેરે સાત પુત્રો અને ચેલ્લાણા રાણીના વેહલ્લ અને વેહાસ નામના બે પુત્રો તથા શ્રેણિકની પ્રથમ રાણી નંદાના સુપુત્ર ચાર બુદ્ધિના નિધાન અભયકુમાર મહામંત્રીના જીવન ચરિત્રો અને તેમના ચરિત્રની નિર્મલ આરાધનાનું વર્ણન છે.

છેલ્લા ત્રીજા વર્ગમાં પોતાના ચૌદ હજાર શિષ્યો પરિવારમાં મહાદુષ્કર કાર્ય કરનાર તરીકે ભગવાન મહાવીરે શ્રેણિક આદીની પર્ષદા સમક્ષ વખાણ કર્યા તે 'ધન્ના કાકંદી' તરીકે ઓળખાતા ધન્ના અણગારનું જીવન ચરિત્ર છે.

જેમાં તેઓ આઠ મહિનાનાં ચારિત્રપર્યાયમાં છઠ્ઠ ને પારણે છઠ્ઠ અને પારણે આયંબીલનું તપ કરે છે. તેઓ જ્યારે ચાલતા હતા ત્યારે તેમના હાડકા પણ ખખડતા. આવો ઘોર તપ તેઓનો હતો. આમાં નિર્દિષ્ટ બધા મુનિઓ આગામીભવે મહાવિદેહમાં મોક્ષે જશે. આની પદ સંખ્યા ૨૩,૦૪,૦૦૦ છે.

## ૧૦. શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર

જૈનાગમો પૈકીનાં ૧૦માં અંગસૂત્રનું શાસ્ત્રીય નામ 'પણ્હાવાગરણમ્' છે. અને તેના પદો છે, તે પૈકીનાં??? શ્લોક પ્રમાણમાં વર્તમાન સમયમાં આ સૂત્રનો અવશેષ ભાગ મળેછે. બાકીનો ઘણો ભાગ ઉપલબ્ધ થતો નથી.

આ સૂત્રનો એક શ્રુતસ્કંધ છે અને તેના દશ અધ્યયનો છે. તેમા પ્રારંભમાં પાંચ અધ્યયનોમાં હિંસાદિ પાંચ આશ્રવોનું વર્ણન છે. અને છેલ્લા પાંચ અધ્યયનોમાં અહિંસા વગેરે પાંચ સંવરો જણાવાયા છે. ટુંકમાં આશ્રવ તત્વ અને સંવર તત્વનું વર્ણન આ સૂત્રમાં છે.

શ્રી નંદીસૂત્રમાં પ્રાપ્ત થતા ઉલ્લેખ મુજબ આ સૂત્રમાં ૧૦૮ પ્રશ્નો, ૧૦૮ અપ્રશ્નો, ૧૦૮ પ્રશ્નાપ્રશ્નો–વિદ્યાતિશયો તથા અન્ય અનેક મહાચમત્કારી વિદ્યામંત્રો તથા નાગકુમાર વગેરે ભવનપતિ દેવો સાથે મુનિવર્યોએ કરેલી વાતચીતો વગેરેનો સમાવેશ થયેલ છે. હાલમાં તે આશ્રવ–સંવર વિષેના અધિકાર સિવાયનું બધું વ્યુચ્છિન્ન થયેલ છે.

ત્રીજા મહાવ્રતના અધિકારમાં સાધુનાં જવાથી જો ઘરનાં માલિકને અપ્રીતિ થતી હોય તો ત્યાં આહાર વગેરે માટે ન જવાનું જણાવાયું છે. આ સૂત્રના ૪,૬૦,૮૦૦ પદ છે.

## ૧૧. શ્રી વિપાક સૂત્ર

આ સૂત્રનું આગમોક્ત નામ 'વિવાગસુયમ્' છે. જેના બે શ્રુતસ્કંધ છે. દુ:ખ વિપાકશ્રુતસ્કંધ (૧)સુખ–વિપાકશ્રુતસ્કંધ (૨)બન્નેનાં ૧૦–૧૦ અધ્યયનો છે.

આ પ્રથમ અધ્યયનમાં મૃગાપુત્રનો અધિકાર છે. જેમાં પ્રજા ઉપર અસહ્ય કરવેરા નાંખીને પ્રજાને પીડિત કર્યા બાદ ભવાંતરમાં એ પાપકર્મો કેવા ભયાવહ પરિણામ આપે છે. જેમાં છેલ્લે મૃગાપુત્ર તરીકે જન્મે છે. તે ત્યાં અસહ્ય પીડાઓથી ઘેરાયેલા છે.

પ્રભુ પાસે તે વાત સાંભળીને એને જોવા માટે ગૌતમસ્વામી પણ ત્યાં પધારે છે.

આજના રાજ્યકર્તાઓની આંખ ઉઘડે તેવું સચોટ દૃષ્ટાંત છે.

બીજા સુખવિપાક શ્રુતસ્કંધના ૧૦ અધ્યયનોમાં મુખ્યતયા દાનધર્મના મહિમાને ગાતા દૃષ્ટાંતો છે, જેમાં બીજા અધ્યયનમાં 'યુગબાહુ'તીર્થંકરને દાન આપ્યાનો ઉલ્લેખ છે. આ સૂત્રમાં ૯૨,૧૬,૦૦૦ પદો છે.

## ૧૨. શ્રી ઔતપાતિક સૂત્ર (પહેલું ઉપાંગસૂત્ર)

ઉપાંગસૂત્રો બાર છે. તે પૈકીના આ પ્રથમ ઉપાંગસૂત્રનું શાસ્રીય નામ 'ઉવવાઈ' છે. આ સૂત્ર આચારાંગ સૂત્ર આધારિત છે.

આ સૂત્રમાં શ્રેણિક રાજાના પુત્ર કોણિક મહારાજાએ ભગવાન મહાવીર પરમાત્મા જ્યારે ચંપા નગરીનાં 'પૂર્ણભદ્ર' ચૈત્યમાં સમવસર્યા ત્યારે પ્રભુના કરેલા ભવ્યાતિભવ્ય સામૈયાનું વર્ણન છે.

અંબડ પરિવ્રાજક અને તેના ૭૦૦શિષ્યનું વર્ણન છે. જેમાં એવો ઉલ્લેખ છે કે તેઓ પહેરવેશથી પરિવ્રાજક (તપાસ)હતા, પણ તેઓ શ્રાવક ધર્મનું પાલન કરતા હતા, અને તેમના ૭૦૦શિષ્યો રસ્તામાં-જંગલમાં પાણી ન મલતા અત્યંત તૃષાતુર થયા ત્યારે તે બધા પ્રભુ વીરની સાક્ષીએ સર્વવિરતિ સ્વીકારી-અનશન કર્યુ હતું તથા કાલ કરીને દેવ થયા છે. આ અંબડ પરિવ્રાજક દેવલોકમાંથી મહાવિદેહમાં દ્રઢપ્રતિજ્ઞ નામનો શ્રાવક થશે, અને ત્યાંથી મોક્ષે જશે.

## ૧૩. શ્રી રાજપ્રશ્નીય સૂત્ર (બીજુ ઉપાંગસૂત્ર)

'રાયપસેણીય' એવું પ્રાકૃત નામ ધરાવતા આ સૂત્રનું મુળબીજ 'સુયગડાંગ' નામનું બીજુ અંગ છે.

આમાં આમલકલ્પા નગરીમાં ભગવંત મહાવીર પધાર્યા છે, ત્યાં સમવસરણ રચાય છે. તેમાં સૂર્યાભદેવ પ્રભુને વંદન કરવા આવે છે અને પ્રભુની સામે ૧૦૮દેવ-દેવીઓ વિકુર્વીને ૩૨ પ્રકારના નાટકો બતાવે છે.

જેમાં સમુદ્રનાં મોજાનું ઉછળતું નાટક, ચંદ્રોદય-સૂર્યોદયનું નાટક, અને વધુમાં ક-ખ-ગ-ઘ વિગેરે ૨૫ અક્ષરોની બનતી જાય તેવા અભિનયયુક્ત નાટકો અને છેલ્લે બત્રીસમાં નાટકમાં શ્રી શ્રમણ ભગવાન મહાવીરનાં જીવનચરિત્રને પ્રદર્શિત કરતું પૂર્ણ અભિનય અને સંપૂર્ણ નાટ્યકલા દર્શાવતું નાટક કરે છે.

નાટ્યક્ષેત્રનું પ્રત્યેક્ષ માહિતીથી ભરેલું આ આગમ અદ્‌ભૂત છે. નાટકને અંતે ગૌતમે પ્રભુજીને પુછ્યુ કે આ દેવ કોણ હતા? એના ઉત્તરમાં ભગવંત તે દેવનો પૂર્વભવ જણાવે છે અને તે પ્રશ્નોતરથી પાર્શ્વપ્રભુની પરંપરામા થયેલ શ્રી કેશીગણધરના ઉપદેશથી બોધ પામેલા 'પ્રદેશી રાજા'નું જીવનવૃત્તાંત આલેખાયું છે.

એક નાસ્તિક રાજાનું જીવન, સદ્‌ગુરુ ના સમાગમથી કેવું પરિવર્તન પામે છે? તેનો પુરાવો આ ઉપરથી મલે છે. ફક્ત ૧૩ છઠ્ઠની જ આરાધના કરીને પ્રદેશીરાજા એકાવતારી થઈ આગામી ભવે સિદ્ધ થશે. ધન્ય હો ગુરૂને-મંત્રીને અને રાજાને.

## ૧૪. શ્રી જીવાભિગમ સૂત્ર (ત્રીજુ ઉપાંગસૂત્ર)

જીવાજીવાભિગમ આવું અપરનામ ધરાવતા આ સૂત્રનું આગમીય નામ શ્રી 'જીવાભિગમ' છે.

શ્રી સ્થાનાંગસૂત્ર આધારિત આ ઉપાંગસૂત્રનો મુખ્ય અધિકાર જીવ-અજીવ પદાર્થો વિષેનું ઉંડુ-ગહન-ચિંતનાત્મક પરિશીલન છે. જેમાં પ્રારંભમાં વિજયદેવનો અધિકાર છે. જેમાં વિજયદેવે પોતાના વિમાનમાં રહેલા શાશ્વતના સિદ્ધાયતનો (દેરાસરો)માં રહેલી શાશ્વત જિન-પ્રતિમાઓની જલપૂજા વગેરે પ્રકારની કરેલી પૂજા તથા માણેક સ્તંભમાં રહેલી તીર્થંકરોની નિર્જીવ દાઢાઓની પૂજા કરેલ છે. (આ ઉપરથી શ્રાવકો માટે જિનપૂજા આગમોક્ત વિધાન છે, તે સાબિત થાય છે.)

આ સિવાય જીવ અને અજીવ તત્ત્વો વિશે આ ગ્રંથમાં ઘણું દોહન છે, અને પુષ્કળ પ્રમાણમાં માહિતી અપાયેલી છે. વિશેષમાં જંબુદ્વીપ-લવણસમુદ્ર વગેરે દ્વીપ-સમુદ્રો-સૂર્ય-ચંદ્ર વિગેરે વિશેની માહિતી પણ આમાં સુપ્રાપ્ય છે.

## ૧૫. શ્રી પ્રજ્ઞાપના સૂત્ર (ચોથુ ઉપાંગસૂત્ર)

'પન્નવણા' આ પ્રમાણેનું પ્રાકૃત અભિધા ધરાવતું જીનાગમનું આ ચોથું ઉપાંગસૂત્ર શ્રી સમવાયાંગ સૂત્રનાં આધારે રચાયેલું છે. અને તેના રચયિતા તત્ત્વાર્થસૂત્રના રચયિતા સંપૂર્ણ દશ પૂર્વધર ઉમાસ્વાતિ વાચકના શિષ્ય 'આર્યશ્યામ' છે.

વર્તમાનમાં પ્રાપ્ત થતાં અંગસૂત્રમાં જેવી રીતે ભગવતી સૂત્ર મોટું છે. તેવી રીતે બાર ઉપાંગસૂત્રોમાં આ સૂત્ર સૌથી મોટું છે. તેમા ૩૬ પદો છે અને ૭૭૮૭ શ્લોક પ્રમાણ છે. પદ નો અર્થ વિભાગ છે એટલે કુલ ૩૬વિષયોના ૩૬ વિભાગો પાડીને ૩૬ વિષયોની વિસ્તૃત સમજ આમાં આપવામાં આવી છે.

આમાં વાચક ઉમાસ્વાતિની પરંપરા મુજબ જીવાદિ સાત તત્ત્વોનું નિરૂપણ કરાયું છે. ૧–૩–૫–૧૦–૧૩માં પદમાં જીવ–અજીવતત્ત્વ વિષયક સમજ છે.

૧૬ અને ૨૨ માં પદમાં આશ્રવતત્ત્વ પ્રરૂપિત છે. ૨૩માં પદમાં બંધ તત્ત્વ અને છેલ્લાં ૩૬માં પદમાં સંવર–નિર્જરા અને મોક્ષતત્ત્વ પ્રકાશિત કરેલ છે.

## ૧૬. શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર (પાંચમું ઉપાંગસૂત્ર)

આ ઉપાંગ સૂત્રનું પ્રાકૃત અભિધાન 'સૂરપન્નતિ' છે અને તે શ્રી ભગવતીસૂત્ર આધારિત છે અને આગમોમાં કાલિકશ્રુત તરીકે નિર્દિષ્ટ છે. આમાં વિભાગને પ્રાભૃત કહેવામાં આવેલ છે. અને પેટા વિભાગને પ્રાભૃત પ્રાભૃત તરીકે ઉલ્લેખવામાં આવે છે. દા.ત. આ સૂત્રનાં કુલ ૨૦ પ્રાભૃત છે યાને ૨૦ વિભાગ છે અને તેમાં પ્રથમ પ્રાભૃતના ૮ પ્રાભૃતપ્રાભૃત યાને પેટા વિભાગ છે.

આ સૂત્ર જ્યોતિષચક્ર એટલે કે ખગોળશાસ્ત્ર વિષયક છે. ખાસ કરીને સૂર્ય અને તેના પરિભ્રમણ વિશે વધુ પ્રકાશ પાથરવામાં આવેલ છે. સાથોસાથ સ્થલે સ્થલે જરૂરીયાત મુજબ ચંદ્ર વગેરે બાબતો પણ સમજાવાઈ છે.

આ સૂત્ર પણ પ્રશ્નોત્તર ઉપર આધારિત છે. તેમાં ખાસ કરીને પ્રશ્નકર્તા પ્રથમ ગણધર ગૌતમસ્વામી છે. અને ઉત્તરદાતા ચરમ તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામી છે.

બીજા પ્રાભૃતમાં અન્ય ધર્મીઓની સૂર્યગતિ અંગેની જુદી જુદી માન્યતાઓનો નિર્દેશ થયોછે. અને તેની ઉપર ચર્ચા કરીને સૂર્ય વિગેરેની ગતિ – ભ્રમણકક્ષા વગેરે વિશે નિર્દેશ કરવામાં આવ્યો છે. જેના ઉપરથી જૈનદર્શનની સૂર્યની ગતિ – પરિભ્રમણ વિગેરે બાબતો ઉંડી અને તાત્ત્વિક રીતે માહિતી પ્રાપ્ત થાય છે.

## ૧૭. શ્રી જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર (છઠ્ઠું ઉપાંગ)

આ ઉપાંગ સૂત્ર શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર આધારિત છે. આ સૂત્રના કુલ સાત વિભાગો છે. દરેક વિભાગને વક્ષસ્કાર તરીકે ઓળખાવાયા છે.

૧લા વક્ષસ્કારમાં ભરતક્ષેત્રનું, બીજામાં કાલચક્રનું, ત્રીજામાં ભરતચક્રવર્તીનું, ચોથામાં વર્ષધર પર્વતો અને રમ્યક્ક્ષેત્રથી ઐરવતક્ષેત્ર સુધીનાં વિસ્તારનું, પાંચમામાં તીર્થંકર દેવોનાં જન્માભિષેકનું, છઠ્ઠામાં જંબુદ્વીપમાં રહેલા ક્ષેત્રો-પર્વતો-તીર્થો-શ્રેણીઓ વિગેરેનું વર્ણન છે. અને સાતમામાં જયોતિષ્ ચક્ર (ખગોળશાસ્ત્ર) નું વર્ણન ખુબજ સુંદર રીતે કરાયું છે.

ખાસ કરીને ચાર અનુયોગ પૈકીનાં ગણિતાનુયોગને સ્પર્શતો આ મહાગ્રંથ છે, આ શાસ્ત્રનાં વીસમાં સૂત્રમાં બત્રીસ લક્ષણો, ૨૮માં સૂત્રમાં ૧૫ કુલકરોનાં નામો અને ૬૬માં સૂત્રમાં નવનિધાનનું સ્વરૂપ દર્શાવાયું છે.

સૂર્ય-ચંદ્ર વિષયક જ્ઞાન પ્રાપ્ત કરનારા જિજ્ઞાસુઓએ આ સૂત્રના સાતમા વક્ષસ્કારનો ચિંતનાત્મક અભ્યાસ કરવો જોઈએ. જેથી સૂર્યપ્રજ્ઞપ્તિ તથા ચંદ્રપ્રજ્ઞપ્તિ નો સહેલાઈથી બોધ થઈ શકે છે.

## ૧૮. શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર (સાતમું ઉપાંગ)

લગભગ આ સૂત્ર સુર્યપ્રજ્ઞપ્તિસૂત્રને અનેસરતું છે. તેમાંસૂર્ય ચંદ્ર વચ્ચે જયાં જયાં તફાવત હોય છે તે બાદ કરતા બધુ વર્ણન લગભગ સૂર્યપ્રજ્ઞપ્તિ અનુસારનું છે.

જૈન ધર્મના આમ્નાય પ્રમાણે સૂર્ય કરતાં ચંદ્ર મહર્દ્ધિક દેવ છે. એટલે તેના વિમાન વગેરે  સૂર્યનાં વિમાન કરતાં મોટાં છે. અને આયુષ્ય પણ સૂર્યનાં ઈન્દ્ર કરતાં વિશેષ બતાવેલ છે.

ચંદ્રની ભ્રમણ ક્રિયા ઝડપી છે. આવા તફાવત સિવાય ઘણી બાબતોમાં સૂર્યપ્રજ્ઞપ્તિ સાથે સામ્ય છે.

આ આગમનું લખાણ ટુંકું હોવાથી આગમ પુરૂષનો પરિચય લખ્યો છે. આગમ પુરૂષની કલ્પના આ રીતે છે.

નંદીસૂત્રચૂર્ણિ ગાથા - ૪૭માં આગમપુરુષનાં ૧૨ અંગોની ગોઠવણ આ રીતે છે.

૧. જમણો પગ શ્રી આચારાંગ સૂત્ર
૨. ડાબો પગ શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
૩. જમણો જાનું શ્રી સ્થાનાંગ સૂત્ર
૪. ડાબો જાનું શ્રી સમવાયાંગ સૂત્ર
૫. જમણો સાથળ શ્રી ભગવતી સૂત્ર
૬. ડાબો સાથળ શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭. જમણો હાથ શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮. ડાબો હાથ શ્રી અંતકૃદશાંગ સૂત્ર
૯. નાભિ શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
૧૦. વક્ષ(છાતી) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧. ગરદન (ડોક) શ્રી વિપાક સૂત્ર
૧૨. મસ્તક શ્રી દૃષ્ટિવાદ સૂત્ર

## ૧૯. શ્રી નિરયાવલિકા સૂત્ર (કલ્પિકા)(આઠમું ઉપાંગ)

આ સૂત્ર પાંચ ઉપાંગસૂત્રોનું સામુહિક એવું એક ઉપાંગસૂત્ર છે, અર્થાત્ નામ એક છે પણ તેનાં પાંચ વિભાગો છે અને તે દરેક વિભાગ અલગ-અલગ ઉપાંગસૂત્રો છે. વધુમાં દરેક ઉપાંગસૂત્રને વર્ગ તરીકે ઓળખાવાયા છે. પ્રથમ ચાર વર્ગના ૧૦-૧૦ અધ્યયનો છે, છેલ્લા પાંચમાં વર્ગનાં ૧૨ અધ્યયનો છે.

ઉપાંગસૂત્ર આઠમું નિરયાવલિકા જેનું બીજુ નામ કલ્પિકા છે. આના ૧૦ અધ્યયન છે. શ્રેણિક મહારાજાની ચેલ્લણા રાણીથી નાની એવી બીજી રાણીઓ પૈકીના દશ રાણીઓના દશ પુત્રોના નામ ઉપરથી આ દશ અધ્યયનોના નામો સ્થાપિત થયા છે. વિશેષમાં આ દશે પુત્રોનાં નામ પણ તેઓની માતાના નામ ઉપરથી પાડવામાં આવેલ છે. કાલી રાણીના પુત્ર કાલકુમાર, સુકાલી રાણીના પુત્ર સુકાલકુમાર, વગેરે દશે દશ રાજકુમારોના જીવનચરિત્ર આ સૂત્ર માં ગુંથાયા છે.

નિરય એટલે નરક=નરકમાં જનારા જીવોની શ્રેણીઓ. નિરયાવલિકા સૂત્રનો આ અર્થ છે. અને તે આ પ્રથમ ઉપાંગને બરાબર યોગ્ય છે. અંતગડદશાંગ સૂત્ર ઉપરથી આ ઉપાંગની રચના થયેલ છે.

## ૨૦. શ્રી કલ્પાવતંસિકા (નવમું ઉપાંગ સૂત્ર) (શ્રી નિરયાવલિકા અન્તર્ગત)

આ સૂત્રથી શ્રી અનુત્તરોપપાતિક દશાંગ સૂત્ર આધારિત છે. આના પણ પદ્મ-મહાપદ્મ વગેરે દશ અધ્યયનો છે.

નિરયાવલિકા સૂત્રમાં શ્રેણીક રાજાના દશે પુત્રોની વિગતો જણાવેલ છે. તે કાલ-સુકાલ વગેરે દશે પુત્રોના પુત્રો-પૌત્રોના જીવનચરિત્ર આમાં દર્શાવાયા છે. દશે રાજકુમારો પ્રભુ મહાવીરથી બોધ પામીને તેમની પાસે સંયમ લઈ, વિવિધ તપ સાથે સંયમનું પાલન કરીને એક માસનું અનશન સ્વીકારી વિપુલાચલ પર્વત પર કાલધર્મ પામી દેવલોકમાં ગયા છે. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં મનુષ્ય જન્મે અષ્ટકર્મોનો ક્ષય કરી મુક્તિ પામશે. આ પ્રમાણે અધિકાર વર્ણિત છે.

(૧) શ્રેણીકનો પુત્ર કાલ તેનો પુત્ર પદ્મ - પહેલા દેવલોકમાં ઉત્પન્ન થયો.

(૨) શ્રેણીકનો પુત્ર સુકાલ તેનો પુત્ર મહાપદ્મ -બીજા દેવલોકમાં ઉત્પન્ન થયો.

(૩) શ્રેણીકનો પુત્ર મહાકાલ તેનો પુત્ર ભદ્ર -ત્રીજા દેવલોકમાં ઉત્પન્ન થયો.

(૪) શ્રેણીકનો પુત્ર કૃષ્ણ તેનો પુત્ર સુભદ્ર -ચોથા દેવલોકમાં ઉત્પન્ન થયો.

(૫) શ્રેણીકનો પુત્ર સુકૃષ્ણ તેનો પુત્ર પદ્મભદ્ર -પાંચમાં દેવલોકમાં ઉત્પન્ન થયો.

(૬) શ્રેણીકનો પુત્ર મહાકૃષ્ણ તેનો પુત્ર પદ્મસેન -છઠ્ઠા દેવલોકમાં ઉત્પન્ન થયો.

(૭) શ્રેણીકનો પુત્ર વીરકૃષ્ણ તેનો પુત્ર પદ્મગુલ્મ -સાતમા દેવલોકમાં ઉત્પન્ન થયો.

(૮) શ્રેણીકનો પુત્ર રામકૃષ્ણ તેનો પુત્ર નિલીનીગુલ્મ-આઠમા દેવલોકમાં ઉત્પન્ન થયો.

(૯) શ્રેણીકનો પુત્ર પિતૃસેનકૃષ્ણ તેનો પુત્ર આનંદ -દશમા દેવલોકમાં ઉત્પન્ન થયો.

(૧૦) શ્રેણીકનો પુત્ર મહાસેનકૃષ્ણ તેનો પુત્ર નંદન -બારમા દેવલોકમાં ઉત્પન્ન થયો.

## ૨૧. શ્રી પુષ્પિકાસૂત્ર

*નિરયાવિલકાન્તર્ગત*

આ સૂત્રના પણ દશ અધ્યયનો છે. જયોતિષ્ચક્રમાં ચંદ્રઈન્દ્ર–સૂર્યઈન્દ્ર અને શુક્રગ્રહ તરીકે જે વ્યક્તિઓ છે તેઓ ભગવાન પાર્શ્વનાથ પરમાત્માની પાસે દીક્ષિત થયેલા હતા અને અલ્પાંશે ચારિત્રની વિરાધનાથી તેઓ અનુક્રમે ચંદ્ર–સૂર્ય અને શુક્ર તરીકે ઉત્પન્ન થયા છે.

શ્રાવસ્તી નગરીનો અંગતિ નામનો વેપારી તે હાલમાં ચંદ્રઈન્દ્ર છે.

શ્રાવસ્તી નગરીનો સુપ્રતિષ્ઠ નામનો વેપારી તે હાલમાં સૂર્યઈન્દ્ર છે.

શ્રાવસ્તી નગરીનો સોમિલ નામનો વેપારી તે હાલમાં શુક્રગ્રહ દેવ છે.

આ ત્રણે દેવોએ રાજગૃહી નગરીના ગુણશીલ ચૈત્યમાં પ્રભુમહાવીરના ચરણમાં આવી વંદન કરીને વિવિધ નાટકો દેખાડીને ભક્તિ કરેલ છે. વધુમાં આ ત્રણે આત્માઓ આગામીભવે મહાવિદેહમાંથી મોક્ષે જશે.

## ૨૨. શ્રી પુષ્પચૂલિકાસૂત્ર

આ સૂત્રમાં અનુક્રમે શ્રીદેવી–હ્રીદેવી–ધૃતિદેવી–કીર્તિદેવી–બુદ્ધિદેવી–લક્ષ્મીદેવી–ઈલાદેવી–સુરાદેવી–રસદેવી–ગંધદેવી કુલ દશ દેવીઓના ગતજન્મના વર્ણનપૂર્વક દેવીઓ આ ભવમાં શ્રમણ ભગવાન મહાવીરની પાસે આવી ભક્તિથી વંદન કરીને નાટક દેખાડીને સ્વસ્થાને ગઈ છે તેની માહિતી છે,અને વિશેષમાં તેઓ તમામ આગામી (ભવે) જન્મે મહાવિદેહમાંથી મુક્તિપદને પામશે. તેમ ભગવાન વીરે શ્રી મુખે ગૌતમ સ્વામીને જણાવ્યું છે તેનો ઉલ્લેખ છે.

ઉપરોક્ત દશે દેવીઓએ ગતજન્મમાં પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુના મુખ્ય સાધ્વીશ્રી પુષ્પચૂલા સાધ્વી પાસે દીક્ષા અંગીકાર કરેલી, પરંતુ શરીરની સંભાળ સુશ્રૂષાકર્મ કરવાપૂર્વક ચારિત્રની વિરાધના કરી તેથી સૌધર્મદેવલોકમાં પલ્યોપમના આયુષ્યવાલી દેવીઓ થઈ તેમ પણ જણાવાયું છે.

## ૨૩. શ્રી વહ્નિદશા સૂત્ર (શ્રી નિરયાવિલકાન્તર્ગત)

આ સૂત્રમાં શ્રી કૃષ્ણવાસુદેવના મોટાભાઈ બલદેવના નિષધ–અનિય–વહ–વહેલ–પ્રગિત–યુક્તિ–દશરથ–મહાધનુ– સપ્તધનુ અને શતધનુ આ બાર પુત્રોના જીવનચરિત્રો છે.

ગત જન્મોમાં પણ આ તમામ પુત્રોએ નિર્મલ નિરતિચાર ચારિત્રનું સુંદર પાલન કર્યું છે.અને આ ભવમાં પણ એવુંજ નિર્મલ ચારિત્રનું પાલન કરીને ૩૩ સાગરોપમના આયુષ્યવાળા સવાર્થસિદ્ધ વિમાનમાં એકાવતારી દેવ તરીકે દીક્ષા લઈ આરાધના કરી આઠે કર્મોનો ક્ષય કરીને સિદ્ધ થશે. આ પ્રમાણેનું વર્ણન કરતા બારપુત્રોના બાર અધ્યયનો છે. (હાલમાં આ પાંચ સૂત્રોના સમૂહને નિરયાવલિકા ઉપાંગસૂત્રો તરીકે ઓળખવામાં આવે છે.)

## ૨૪. શ્રી ચતુ:શરણ પ્રકીર્ણકસૂત્ર (પયન્ના)

'ચઉશરણ પયન્ના' આવું શાસ્રીય નામ ધરાવતા આ સૂત્રનો મહિમા અનન્ય છે. આનું બીજું નામ કુશલાનુબંધી અધ્યયન છે.

ચાર શરણાંનો સ્વીકાર, દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના આ ત્રણ વિષયો આ ગ્રંથના મુખ્યકેન્દ્ર છે.

આ ત્રણેય વિષયોને વારંવાર વાગોળવાના છે. જ્યારે મન સંક્લિષ્ટ પરિણામવાળું થયું હોય ત્યારે તો આનું રટણ વારંવાર કરવું, પણ મન શાંત હોય ત્યારે પણ કરવું જ. માનવજન્મની સફલતા આના દ્વારા જ સાધ્ય બની શકે.

jainuniversity.org

શરૂઆતમાં જ છ આવશ્યકરૂપ પ્રતિક્રમણનો વિષય ચર્ચ્યો છે. અને છ આવશ્યકોના પરિપાલનથી આત્માની કેવા પ્રકારની શુદ્ધિ થાય છે તે પણ જણાવેલ છે.

સામાયિક આવશ્યકથી ચારિત્ર ગુણની શુદ્ધિ થાય છે.

ચતુર્વિંશતિકા આવશ્યકથી સમ્યક્ત્વગુણની શુદ્ધિ થાય છે.

વંદન આવશ્યકથી જ્ઞાનાદી ગુણની શુદ્ધિ થાય છે.

પ્રતિક્રમણ આવશ્યકથી મોક્ષમાર્ગ આચારાદિકની શુદ્ધિ થાય છે.

કાર્યોત્સર્ગ આવશ્યકથી અતિચારોની શુદ્ધિ થાય છે.

પચ્ચક્ખાણ આવશ્યકથી તપશ્ચર્યાદિની શુદ્ધિ થાય છે.

આ સૂત્રના રચયિતા શ્રી વીરભદ્ર ગણિ છે.

## ૨૫. શ્રી આતુરપ્રત્યાખ્યાન પ્રકીર્ણકસૂત્ર (પયન્ના)

'આઉરપચ્ચક્ખાણપયન્ના' આવું શાસ્રીય અભિધાન ધરાવતાં આ સૂત્રમાં રોગગ્રસ્ત દેહની અસીમ પીડાથી ઘેરાયેલા આત્માને આરાધના કરાવવા માટે કરવા યોગ્ય પચ્ચક્ખાણનો વિષય સંકળાયેલો છે.

દેશવિરતિપણામાં મૃત્યુ થવું તે બાલપંડીતમરણ છે. એમ જણાવાયું છે. સર્વવિરતિધર મુનિઓના મરણને પંડીતમરણ તરીકે ઓળખાવાયેલ છે.

આ સૂત્રનું ઉદ્ગમ સ્થાન શ્રી ભગવતીસૂત્રના ૧૩માં શતકનો ૭મો ઉદ્દેશો છે. જ્યાં મરણના અનેક ભેદોનું સવિસ્તાર વર્ણન જોવા મલે છે.

મરણાસન્ન આત્માએ સ્વ આરાધના કેવી રીતે કરવી? તેના વર્ણનની સાથે સાથે પોતે કરેલા દુષ્કૃતોને યાદ કરી ગુરુ મહારાજની સમક્ષ આલોચન – નિંદન – ગર્હન કરવાનું પણ વિધાન છે.

આના રચયિતા શ્રી વીરભદ્ર મુનિ કહેવાય છે.

## ૨૬. શ્રી મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક સૂત્ર (પયન્ના)

'મહાપચ્ચકખાણપયન્નગ' આવું પ્રાકૃત નામ ધરાવતાં આ સૂત્રમાં સર્વવિરતિધર મુનિ ભગવંતોની અંત સમયની આરાધનાની વિધિ જણાવાઈ છે.

પ્રારંભમાં તીર્થંકરોને વંદન કરીને સમ્યક્ત્વ, પાપનું પચ્ચક્ખાણ, દુષ્કૃતની નિંદા, કરેમિભંતે સૂત્રનો ઉચ્ચાર, ઉપધિ આદિનો ત્યાગ, રાગદ્વેષનો ત્યાગ, સર્વે જીવોની ક્ષમાપના, અઢારપાપસ્થાનકોની નિંદા, એકત્વ – અન્યત્વાદિ ભાવનાઓની વિભાવના વિગેરે બાબતો સવિસ્તાર જણાવાયેલ છે.

આમા ખાસ નોંધનીય મુદ્દો એ જણાવાયો છે. પાપ કરવું એ દુષ્કર નથી. કારણ કે આત્માને પાપ કરવાના સંસ્કાર અનાદિના છે. પણ ગુરુની પાસે નિર્મલ ભાવપૂર્વક પાપની આલોચના કરવી તે અતિદુષ્કર છે.

અલબત્ત આ વાત નિશીથ ચૂર્ણિમાં પણ નિર્દિષ્ટ જ છે. પાપભીરુ આત્માઓએ આ સૂત્રવાક્ય ખાસ યાદ રાખવું ઘટે. આના રચયિતા પણ વીરભદ્ર છે.

## ૨૭. શ્રી ભક્તપરિજ્ઞા પ્રકીર્ણક સૂત્ર (પયન્ના)

'ભત્તપરિન્ના' એવું શાસ્રીય નામ ધરાવતાં આ ચોથા પયન્ના સૂત્રમાં મૃત્યુસમયે જીવોને ચારે આહારના પચ્ચક્ખાણ કરાવે એ અધિકાર વિસ્તારથી જણાવેલ છે. પ્રારંભમાં ત્રણ પ્રકારના કરણનો ઉલ્લેખ કરીને ભક્તપરિજ્ઞાને યોગ્ય કોણ? તે દર્શાવ્યું છે. વળી મરણાસન્ન મુનિ ગીતાર્થ ગુરુને વંદન કરીને અનશન કરાવવાની વિનંતિ કરે, ત્યારબાદ ગીતાર્થ ગુરુ મુનિએ કરેલા દોષોનું પ્રાયશ્ચિત દર્શાવી વિશેષ શુદ્ધિ માટે પાંચ મહાવ્રત ઉચ્ચરાવે, ખમત ખામણાં કરાવે, અને હિતશિક્ષા આપે વિગેરે અધિકાર સવિસ્તર જણાવેલ છે.

(નોંધ):– સામાન્યથી પ્રચલિત ૧૦ પયન્નાઓની વિગત જણાવી છે. આ ૧૦ પયન્નાઓ સિવાય બીજા પણ ૨૫ પયન્ના મળે છે. તે આ છે. અંગચુલિકા (૧), અંગવજ્જા (૨), અજીવકલ્પ (૩), આતુરપ્રત્યાખ્યાન (૪), આરાધના પતાકા (૫), ઋષિભાષિત (૬), કવચદ્વાર (૭), ચતુઃશરણ (૮), ચંદ્રવેધ્યક (૯), જંબૂસ્વામી અધ્યયન (૧૦), જીવવિભક્તિ (૧૧), જ્યોતિષ્કરંડક (૧૨), યોનિપ્રાભૃત (૧૩), તીર્થ્થોદગાલિક (૧૪), તિથિ પ્રકીર્ણક (૧૫), દ્વિપસાગર પન્નતિ (૧૬), પર્યંતારાધના (૧૭), પિંડવિશુદ્ધિ (૧૮), વર્ગચુલિકા (૧૯), વંકચુલિકા (૨૦), વ્યાખ્યાચુલિકા (૨૧), વીરસ્તવ (૨૨), સંસક્ત નિર્યુક્તિ (૨૩), સારાવલી (૨૪), સિદ્ધપ્રાભૃત (૨૫) .

## ૨૮. શ્રી તંદુલવૈચારિક પ્રકીર્ણક સૂત્ર ( પયન્ના )

'તંદુલવેયાલીય' નામ સંપન્ન આ સૂત્રમાં ૫૮૬ ગાથાઓ છે. અમુક ભાગ ગદ્યમાં પણ છે. આ સૂત્ર વિશે શ્રી દશવૈકાલિકસૂત્રની ચૂર્ણીમાં પણ ઉલ્લેખ જોવા મળે છે. એથી આ ગ્રંથ પ્રાચીન હોવાનો પણ પુરાવો મળે છે.

આ સૂત્રમાં ચોખાની ૪૬૦ ક્રોડ ૮૦ લાખ સંખ્યા જણાવી છે. ચોખા માટે તંદુલ શબ્દ છે, અર્થાત્ તંદુલને = ચોખાને અનુલક્ષીને વૈરાગ્યાદિ ઉપદેશ ગૂંથાયેલો હોવાથી આ સૂત્રનું નામ – શ્રી તંદુલ વૈચારિક છે.

વધુમાં માતાના ગર્ભમાં જીવના આગમનથી લઈને જન્મે અને પછી પણ શરીરના વિકાસને લગતી બીનાઓ સવિસ્તૃત જણાયેલી છે.

વિશેષતયા : સ્રીના, સ્રી–નારી–મહીલા–એવા કુલ ૯૩ નામો પર્યાયવાચી જણાવીને દરેકની વ્યુત્પતિ સહિત વ્યાખ્યા કરેલી છે.

## ૨૯. શ્રી ગણિવિધા પ્રકીર્ણક સૂત્ર

'ગણિવિજ્જાપયગન્ન' આવું નામ ધરાવતા આ સૂત્રમાં જ્યોતિષશાસ્ત્રને લગતી માહિતિ નિર્દિષ્ટ છે.

ગણિ એટલે આચાર્ય અર્થાત્ આચાર્યની વિધા તે ગણિવિધા. અર્થાત્ આચાર્ય કુલ ગણ – સંઘના શ્રેયને માટે જે શાસ્ત્રનો ઉપયોગ કરવાના અધિકારી છે તે શાસ્ત્ર તે ગણિવિધા.

આમાં જ્યોતિષને લગતી દિવસ–તિથિ–નક્ષત્ર–કરણ–ગ્રહ–મુહૂર્ત–લગ્ન–શકુન–નિમિત વિગેરે નવ બાબતોને વિસ્તારથી સમજાવી છે. ટુંકમાં મુહૂર્ત શાસ્ત્રમાં વિશિષ્ટકોટીનો આ ગ્રંથ છે.

## ૩૦. શ્રી ચંદ્રવેધ પ્રકીર્ણક સૂત્ર (પયન્ના)

'ચંદવિજ્જાપયન્નગ' આવું શાસ્ત્રીય અભિધેય ધરાવતા આ પ્રકીર્ણક (પયન્ના) સૂત્ર ના રચયિતા અજ્ઞાત છે. તેની ગાથા ૧૭૫છે.

આ સૂત્રમાં અંતસમયે મનને સ્થિર રાખીને આરાધક ભાવમાં આત્માને જોડવાનો અધિકાર છે. પરંતુ મન માંકડાને સમાધિભાવમાં સ્થિર કરવું કેટલું અઘરુ છે? તેના માટે રાધાવેધનો ઉલ્લેખ કરેલ છે. ચંદ્ર એટલે ડાબા આંખની કીકી, વેધ્યક એટલે વિંધવું, અર્થાત ડાબી આંખની કીકીને ઉલટ–સુલટ ફરતાં ચક્રોમાંથી જોઇને વિંધવી જેમ દુષ્કર કાર્ય છે. તેવી રીતે મૃત્યુ સમયે મનને સ્થિર રાખીને સમાધિમાં સ્થાપન કરવું તે પણ દુષ્કર છે. એનું વિસ્તૃત વર્ણન છે.

વધુમાં વિનયના ગુણો, આચાર્યના ગુણો, શિષ્યોના ગુણો, ચારિત્રના ગુણો તે ચારિત્રની આરાધના કરનારા જીવો અને તેના થતા ફાયદાઓ અને છેવટે સમાધિમરણની પ્રશંસા વગેરે સાત અધિકારોનું સ્વરૂપ પણ ટુંકમાં સરલ પદ્ધતિએ જણાવ્યું છે.

## ૩૧. શ્રી દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક (પયન્ના)

'દેવિંદત્થઓપયન્નગ' આવું પ્રાકૃત નામ ધરાવતા ૧૦ પયન્ના પૈકીના આ નવમાં પયન્ના સૂત્રના કર્તા શ્રી વીરભદ્ર ગણી છે.

આ સૂત્રોમાં ઈન્દ્રોને લગતી વિગતો દર્શાવવા પૂર્વક દેવેન્દ્રોથી પૂજીત શ્રી જિનેશ્વર દેવની સ્તુતિ કરાઈ છે. માટે આ સૂત્રનું નામ દેવેન્દ્રસ્તવ છે.

આ સૂત્રનું ઉત્થાન (ઉત્પતિ) આ રીતે છે. વર્ષાઋતુનો સમય છે. શાંત વાતાવરણ છે. તે સમયે કોઈ વિવેકી ને જ્ઞાની શ્રાવક પત્ની સાથે શ્રી વીરપ્રભુના ચૈત્યમાં પૂજા માટે આવે છે.

દ્રવ્યપૂજા પછી ભાવપૂજાના ઉપક્રમે પ્રથમ ૨૩ તીર્થંકરોની સ્તુતિ કરીને ૨૪માં તીર્થંકરની સ્તુતિ કરતાં કહે છે. ૩૨ ઈન્દ્રોથી સ્તવાયેલા હે નાથ ! હું આપના ચરણ–કમલને નમસ્કાર કરું છું. ત્યારે તેમની ધર્મપત્ની, પતિને બત્રીસ ઈન્દ્રો કેવી રીતે હોય? વગેરે છ પ્રશ્નો કરે છે. આ દરેક પ્રશ્નના જવાબ પેલા જ્ઞાની શ્રાવકે ગુરુ મ. પાસે આગમો શ્રવણ કરીને શ્રુતજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું તે પદ્ધતિસર વ્યંતર સિવાયના ૩૨ ઈન્દ્રોના વર્ણનથી માંડીને સિદ્ધપ્રભુ સુધીનું વર્ણન કરે છે. ખરેખર આ રચના ખુબ જ સુંદર ને મનનીય રચના છે. તેના કર્તા શ્રી વીરભદ્ર ગણિ છે.

### ૩૨. શ્રી મરણસમાધિ પ્રકીર્ણક સૂત્ર (પયન્ના)

'શ્રી મરણસમાહિપયન્નગ' ની રચના કુલ ૬૬૩ ગાથાઓ દ્વારા (૧) મરણવિભક્તિ (૨) મરણવિશોધિ (૩) મરણસમાધિ (૪) સંલેખનાશ્રુત (૫) ભક્તપરિજ્ઞા (૬) આતુર પ્રત્યાખ્યાન (૭) મહા પ્રત્યાખ્યાન (૮) આરાધના પ્રકીર્ણક આ ગ્રંથોના આધારે શ્રી વીરભદ્રગણિએ કરેલ છે.

જેમાં અંત સમયે કરવા લાયક આરાધનાઓનું સવિસ્તર વર્ણન છે.

**ગ્રંથકારને અભિપ્રેત નામ-મરણવિધિસંગ્રહ છે. કેમકે તેઓ પ્રથમ ગાથામાં જ એમ કહે છે કે હું મરણવિધિસંગ્રહ કહીશ.**

પ્રારંભમાં આલોચન માટે ચૌદ પ્રકારની વિધિ, આચાર્યના ગુણો વગેરે જણાવીને છેલ્લે બાર ભાવનાઓનો અધિકાર જણાવ્યો છે. નિર્યામણા કરાવવાની વિધિ પણ આમાં જણાવી છે.

### ૩૩. શ્રી સંસ્તારક પ્રકીર્ણક સૂત્ર (પયન્ના)

'સંથારગપયન્નગ' - આ પ્રમાણેનું શાસ્ત્રીય નામ ધરાવતા આ મહાગ્રંથોમાં મુખ્ય અધિકાર મૃત્યુને આવકારનારી વિધિ છે.

નિર્મલ-પવિત્ર-ચરિત્રનો આરાધક મુનિવર મૃત્યુને નજીક આવેલું જાણીને વિધિપૂર્વક આરાધના કરી આરાધક ભાવમાં ઓતપ્રોત બનીને મૃત્યુના બિહામણા સ્વરૂપને મંગલ મહોત્સવનું રૂપ કેવી રીતે આપે છે. તે સમજાવાયું છે. વિશેષમાં આરાધક મહાત્માઓના દૃષ્ટાંતો પણ નિર્દિષ્ટ કરાયા છે. દા.ત. અર્ણિકાપુત્ર આચાર્ય, સ્કંદક સૂરિના ૫૦૦ શિષ્યો, સુકોશલમુનિ-અવંતિસુકુમાલને ચાણક્ય મહામંત્રી. સંથારો સ્વીકારનાર મુનિ સતત જિનવચનનું મનન-ચિંતન કરે, એવો ઉપદેશ ખાસ અપાયેલ છે. છેવટે પાણીનો ત્યાગ કરીને આત્મસમાધિમાં લીન થવાનું વિધાન છે.

### ૩૪. શ્રી દશાશ્રુતસ્કંધ (છેદસૂત્ર)

આ સૂત્રનો શ્રી નંદીસૂત્રમાં દશા તથા સ્થાનાંગ સૂત્રમાં આચારદશાથી ઉલ્લેખ મલે છે.

પ્રથમ અસમાધિદશા વિભાગમાં ચિત્તની-મનની અસ્વસ્થતા-અસમાધિના વીસ કારણો જણાવ્યા છે.

દ્વિતીય સબલદોસ દશામાં ચારિત્રને મલિન કરનાર એકવીસ દોષોનું વર્ણન છે. ત્રીજી આશાતના દશામાં ગુરુ-આચાર્યની તેત્રીસ આશાતનાનો નિર્દેશ છે.

આઠમી પર્યુષણા કલ્પદશામાં ભગવાન મહાવીરનું વિસ્તૃત જીવન, શ્રી પાર્શ્વનાથ-શ્રી નેમિનાથ-શ્રી ઋષભદેવનાં સંક્ષિપ્ત જીવન, બાકી ૨૦ તીર્થંકરો ના સમયકાલનો (અંતરા) નો નિર્દેશ તથા સ્થવિરાવલી અને સમાચારીનું વર્ણન છે. સમાચારીમાં વર્ષાકાલની સમાચારી વિશેષ પ્રકારે જણાવી છે.

આ અધ્યયન (દશા) કલ્પસૂત્ર નામથી પ્રખ્યાત છે. દર વર્ષે મુનિઓ પર્યુષણામાં આ સૂત્રનું વાંચન કરે છે. અને સવંત્સરીના દિવસે મહોત્સવપુર્વક બારસાસૂત્રના ઉપનામથી પ્રસિદ્ધ આ સૂત્રનું વાંચન થાય છે.

સંઘમાં આ સૂત્ર સાંભળવાનો ઘણોજ મહિમા છે. છેલ્લી દશામાં નવનિયાણાની વિગતો છે. અને તેને ત્યાગ કરવાનું સૂચન છે.

### ૩૫. શ્રી બૃહત્કલ્પ સૂત્ર (છેદ સૂત્ર)

પ્રત્યાખ્યાન પ્રવાદ નામના પૂર્વના ત્રીજા આચાર નામના વસ્તુના વીસમાં પ્રાભૃતમાંથી જે સૂત્રનો સમુદ્ધાર થયો છે તે.

આ સૂત્રના કપ્પ અને કપ્પજ્ઝયણ આવા બીજા નામ પણ મલે છે. ખુબ જ વિસ્તારથી સાધુ–સાધ્વીઓના આચારોનું–મર્યાદાઓનું વર્ણન અને પ્રાયશ્ચિત્તોનો અધિકાર સમાવાયો હોવાથી આ સૂત્રના નામની આગળ બૃહત્શબ્દ પ્રયોજીત છે.

આ સૂત્ર ઉપર નિર્યુક્તિ–ભાષ્ય–ચૂર્ણી અને ટીકા આ ચારે ઉપલબ્ધ છે. શ્રમણ જીવનમાં અગત્યનાં ગણાવી શકાય તેવા આહારગ્રહણ–ઉપાશ્રયમાં ઉતરવાની વિધિ–શય્યાતર ગૃહસ્થો પાસેથી લીધેલ વસ્તુઓની સાચવણી પરત સોંપણી વગેરે અનેક સૂક્ષ્મ બાબતો જણાવી છે. છેલ્લે સાધુ–સાધ્વીઓ માટે ખાસ ત્યાગ કરવાલાયક બાબત, કોઈનોપણ અવર્ણવાદ ન કરવો તે છે.

### ૩૬. શ્રી વ્યવહાર સૂત્ર (છેદ સૂત્ર)

આ સૂત્રમાં શ્રી ભદ્રબાહુ સ્વામીએ સાધુ–સાધ્વીજીઓના વ્યવહારનું વિસ્તૃત વર્ણન દશ ઉદ્દેશમાં સમજાવાયું છે.

ત્રીજા ઉદ્દેશમાં સમુદાય–ગચ્છની વ્યવસ્થા અંગેની વિગતો છે. આચાર્ય–ઉપાધ્યાય–પ્રવર્તક–ગણાવચ્છેદ–સ્થવિર આ પાંચ પ્રકારના નાયકો અને તેની જવાબદારીઓ સમજાવાઈ છે.

પાચમાં ઉદ્દેશમાં સાધ્વીઓના વિહાર અને ચોમાસા અંગેની મર્યાદાઓ જણાવાઈ છે. તથા છઠ્ઠામાં આહાર–વિહાર–નિહાર=સ્થંડિલ વિગેરે બાબતોની મર્યાદાઓ જણાવાઈ છે.

સાતમાં ઉદ્દેશમાં બીજા સમુદાયમાંથી આવેલી સાધ્વીઓને કેવી રીતે સાચવવી? તે વિશેની સમજણ છે.

દશમાં ઉદ્દેશમાં પાંચ પ્રકારના વ્યવહારના (આગમ–શ્રુત–આજ્ઞા–ધારણા–જિત–આચાર) નું વર્ણન છે.

### ૩૭. શ્રી જીતકલ્પસૂત્ર (છેદસૂત્ર)

ખાસ કરીને પ્રાયશ્ચિતને લગતા અધિકાર આમાં સમાવિષ્ટ છે.

પૂર્વોક્ત આગમવ્યવહારવિચ્છેદ થવાથી શ્રમણ અને શ્રમણીઓને સંયમ જીવનમાં જાણતાં અજાણતાં થતાં દોષોનાં પ્રાયશ્ચિત્ત અંગેની મર્યાદાઓનું પુનર્ગ્રથ ન થયું છે.

આના કર્તા શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે. સ્વોપજ્ઞ ભાષ્ય છે. મૂળગાથા ૧૦૩ છે. અને ભાષ્યની ગાથા ૨૬૦૬ છે. બંને મળી કુલ ૨૭૦૯ ગાથા છે.

ગાથા ૧૦૨ના ભાષ્યમાં એવો ઉલ્લેખ છે કે શ્રી ભદ્રબાહુસ્વામી સુધી અનવસ્થાપ્ય અને પારાંચિત પ્રાયશ્ચિત્ત આપતાં હતાં, પછી તે પ્રાયશ્ચિત્ત વિચ્છેદ થયા છે.

પ્રારંભમાં પ્રતિક્રમણ વગેરે પ્રાયશ્ચિત્તના દશ પ્રકારો સમજાવ્યા છે અને પાંચે વ્યવહારો વિષે પણ માહિતી આપેલ છે.

## ૩૮. શ્રી નિશીથ સૂત્ર (છેદસૂત્ર)

વર્તમાન ૪૫ આગમોમાં ભગવાન્ શ્રી વીરપ્રભુની પરંપરામાં થયેલા મહાપ્રાણ ધ્યાનના સમારાધક પંચમ શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુ સ્વામીએ રચેલા છ છેદસૂત્રોનો સમાવેશ થાય છે. ફરક માત્ર એટલો છે કે અગાઉ પંચકલ્પસૂત્ર છેદસૂત્રમાં ગણાતું હતું, પણ તે હાલમાં ઉપલબ્ધ ન થતાં જિતકલ્પસૂત્ર તેના સ્થાને ગણવામાં આવે છે.વસ્તુત: જિતકલ્પ સૂત્ર પંચ કલ્પનો જ આંશિક ભાગ ગણી શકાય.

છ છેદસૂત્રમાં પહેલું સૂત્ર નિશીથસૂત્ર છે. જેનું અપરનામ આયારપકપ્પસૂત્ર છે. અને તે આચારાંગ સૂત્રની પાંચમી ચુલિકારૂપ અધ્યયન છે.

છેદસૂત્ર=એટલે નિર્મલ દર્શન-જ્ઞાન કે ચારિત્ર પૈકીના કોઈપણ ગુણ આંશિક રીતે કે સર્વથા દૂષિત હોય તો તે દોષની શુદ્ધિ કેવી રીતે? એ દોષનું છેદન કરવું-ઉખાડીને-છેદીને દૂર કરવું તે સમજાવતું શાસ્ત્ર તે છેદસૂત્ર.

મુખ્યતયા સાધુના મહાવ્રતો-આચારો-ઉત્સર્ગ-અપવાદ તથા પ્રાયશ્ચિતને લગતા અધિકારો કુલ ૨૦ ઉદ્દેશામાં જણાવાયેલા છે.

## ૩૯. શ્રી મહાનિશીથ સૂત્ર (છેદસૂત્ર)

અતિપ્રૌઢ અને અર્થગંભીર એવા આ મહાસૂત્રની જઘન્ય વાચનાનુસાર ૩૫૦૦ શ્લોકો, મધ્યમવાચનાનુસાર ૪૨૦૦ શ્લોકો અને ઉત્કૃષ્ટ વાચનાનુસાર ૪૫૪૪ શ્લોકો પ્રમાણે છે.

આ સૂત્રના અધ્યયનો આઠ છે. તેમાં છેલ્લા બે અધ્યયનનો ચુલિકા તરીકે ગણાવ્યા છે.

શલ્યોદ્ધરણ નામના પ્રથમ અધ્યયનમાં મોહ અજ્ઞાનાદિના કારણે થયેલ પાપરૂપ શલ્યને દૂર કરવાનો અધિકાર છે.

કર્મવિભાગ નામના દ્વિતીય અધ્યયનમાં ગુરુ ગૌતમ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં પ્રભુવીરે વિવિધ કર્મોના વિધ વિધ કટુ વિપાકો જણાવ્યા છે.

કુશીલ નામના ત્રીજા અધ્યયનમાં અશિષ્ટ આચાર વિચારવાળા સાધુઓની સંગતથી દૂર રહેવાની સલાહ આપતાં પ્રભુ આવી સંગતિનાં દુષ્ટ પરિણામો સમજાવે છે. સત્સંગતિનાં સુપરિણામો પણ સાથે સાથે જણાવે છે. જેમાં નાગિલ અને સુમતિ નામના બે શ્રાવક બંધુનું દૃષ્ટાંત છે.

આજ અધ્યયનમાં દ્રવ્યપૂજા- ભાવપૂજા અને નવકાર-મંત્રના ઉપધાન કરવાનો ખાસ અધિકાર છે.

### ૪૦. શ્રી આવશ્યકસૂત્ર (મૂલસૂત્ર)

શ્રી જિનાગમોમાં આ ચાર સૂત્રોને મૂલસૂત્રો ગણાવાયા છે. ચારિત્રજીવનનાં પ્રારંભથી જ સંયમ જીવનની પાલના અને સુરક્ષા આ સર્વે અતિ ઉપયોગી હોવાથી આ સૂત્રોની મૂલસૂત્ર તરીકે ઓળખાવામાં આવ્યા છે.

તે પૈકીના પ્રથમ મૂલસૂત્રનું નામ આવશ્યક છે.

પ્રત્યેક શ્રમણ અને શ્રાવકે પ્રતિદીન બે ટાઈમે અવશ્યક કરવાલાયક ક્રિયાનું નામ આવશ્યક છે. અને તે ક્રિયાનાં સૂત્રો આમાં હોવાથી આ સૂત્ર આવશ્યક છે.

જેમા સામાયિક–ચતુર્વિંશતિકા–વંદન–પ્રતિક્રમણ–કાયોત્સર્ગ ને પ્રત્યાખ્યાન આ છ અધ્યયનો છે. સપ્રતિક્રમણ ધર્મ હોવાથી શાસન સ્થાપનાનાં દિવસે જ આ સૂત્રની રચના ગણધર ભગવંતોએ કરી હોય તેમ માનવું છે. આની ઉપર ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીની નિર્યુક્તિની રચના છે. પાપ નિવૃતિ માટે આ સૂત્ર અતિ ઉપયોગી છે.

### ૪૧. શ્રી દશવૈકાલિક સૂત્ર (મૂલસૂત્ર)

મનક પિતાના ઉપનામથી પ્રખ્યાત, આચાર્ય પ્રભવ સ્વામીના શિષ્ય ચૌદપૂર્વધર આચાર્ય શય્યંભવસૂરિએ જેનું આયુષ્ય છ જ મહિના બાકી રહ્યું છે. એવા પોતાના સંસારી પુત્ર મનકના આત્મહિતાર્થે આ સૂત્રની રચના સંધ્યા સમયે કરે છે. અને તેના દશ અધ્યયનો છે. અધ્યયન સંખ્યા દશ હોવાથી અને વિકાળવેળાએ રચ્યું હોવાથી આ સૂત્રનું નામ દશવૈકાલીક છે.

આની ઉપર ૪૪૫ ગાથાની નિર્યુક્તિ છે. જેના રચયિતા ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી છે. બહુ જ સાદા અને સામાન્ય શબ્દો દ્વારા મુનિ જીવનના શ્રેષ્ઠતમ આચારોની ઊંડી સમજ આમાં અપાઈ છે.

જીવનનો પાયો જ જયણા છે. આ વાત ખુબ જ સુંદર રીતે રજૂ કરી છે.

### ૪૨. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (મૂલસૂત્ર)

શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માની જીવનની અંતિમ દેશના જે સોલપ્રહર (૪૮ કલાક) ચાલી હતી. આસો વદ ૧૩ની અર્ધરાત્રીથી આસોવદ ૦)) અમાસ સુધી અખંડ–એકધારી અમૃતવાણી ભગવાનના શ્રીમુખે વરસતી રહી. તેમાં ૫૫ (પંચાવન) પુણ્ય અંગેના, ૫૫ (પંચાવન) પાપ અંગેના અધ્યયનો પછી નહી પૂછાયેલી બાબતોનાં ઉત્તરસ્વરૂપે રજુ કરેલા છત્રીસ અધ્યયનો જેની શ્લોકો સંખ્યા લગભગ ૨૦૦૦ જેવી થવા જાય છે. તે આ સૂત્ર ઉપર શ્રી ભદ્રબાહુસ્વામીની નિર્યુક્તિ છે.

આ સૂત્રના ચોથા અધ્યયનમાં ભગવાન શ્રી મહાવીરદેવે નિત્યઅપ્રમત સદાને માટે સંયમને વિષે ઉપયોગવાળા એવા પ્રથમ ગણધર શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમને પણ 'સમયં ગોયમ મા પમાયએ' હે ગૌતમ ! એક સમય માત્ર પણ તું પ્રમાદ ન કર. આવી ઉત્તમ શિક્ષા – શિખામણ આપી છે જે આપણને થોડામાં ઘણું ઘણું કહી જાય છે.

## ૪૩. ઓઘનિર્યુક્તિ (પિંડનિર્યુકિત) સૂત્ર (મૂલસૂત્ર)

શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામિએ આ સૂત્રની રચના કરી છે. તેઓએ દશ નિર્યુક્તિઓની રચના કરી છે તે પેકીની આ સ્વતંત્ર કૃતિ છે. આવી એક બીજી રચના પણ છે. જેનું નામ પિંડનિર્યુક્તિ છે. પિંડનિર્યુક્તિ ખાસ કરીને ગોચરીનો મુખ્ય રહ્યો છે. જયારે ઓંઘ નિર્યુક્તિમાં શ્રમણ અને શ્રમણીઓની દિનચર્યાનું ઓઘથી એટલે સામાન્યથી વર્ણન કર્યું છે.

પ્રતિલેખન (૧)પિંડ (૨)ઉપધિ (૩)અનાયતના (૪)પ્રતિસેવા (૫)આલોચના (૬)વિશુદ્ધિ (૭)આ સાત વિભાગો વડે સાધુ–સાધ્વીની જીવનચર્યા નિર્દિષ્ટ છે. સંયમ જીવન વધુ વિશિષ્ટ પ્રકારે પાલન કરી શકાય તે માટે પ્રત્યેક મુનિએ આ બંને (ઓઘનિર્યુક્તિ અને પિંડનિર્યુક્તિ) સૂત્રોનો વિશદ અભ્યાસ કરવો જ જોઈએ.

jainuniversity.org

## ૪૪. શ્રી નંદીસૂત્ર

ચૌદ પૂર્વ પૈકીનાં પાંચમાં શ્રી જ્ઞાનપ્રવાદ પૂર્વમાંથી ઉદ્ધત આ મંગલમય સૂત્રના રચયિતા શ્રી દેવવાચક ગણિ છે. અને આ સૂત્ર આચાર્ય પદવી જેવા પ્રસંગોએ નંદિની ક્રિયામાં ખાસ સંભાળવવામાં આવે છે. દીક્ષાદિકની ક્રિયામાં આ સૂત્રોનો સંક્ષિપ્ત પાઠ મંગલ તરીકે ઉદ્‌ઘોષિત કરાય છે.

આમાં ૯૦ ગાથા છે અને બાકીનું ગધમાં છે એવા આ સુત્રોમાં સંઘનો મહિમા પૂર્ણરૂપે ગવાયો છે. જેમાં શ્રી સંઘને નગર–ચક્ર–રથ–કમળ–ચંદ્ર–સૂર્ય–સમુદ્ર અને મેરૂ એવી આઠ ઉપમાઓ આપીને તેની સ્તુતિ સ્તવના કરાઈ છે. પછી તીર્થંકરો–ગણધરો આદિનો ઉલ્લેખ કરીને શ્રી જિનશાસનનું મંગલ સ્તુતિ ગાન થયું છે. અને ત્યારબાદ સ્થવિર ભગવંતોની સ્તવના કરાઈ છે.

આગળ વધતા જ્ઞાનના પાંચ પ્રકાર અને છેવટે મતિજ્ઞાન શ્રુતજ્ઞાનનું અતિ સરળ ભાષામાં વિવેચન કર્યું છે. સિદ્ધભગવંતોના સ્વરૂપને દર્શાવતી સિદ્ધપંચાશિકા (૫૦ ગાથા) નું વર્ણન પણ પ્રસ્તુત છે.

## ૪૫. શ્રી અનુયોગદ્વાર સૂત્ર

પરંપરાગત રીતે શ્રી ગૌતમસ્વામી ભગવંતની વાચનાનું ગણાતું આ સૂત્ર જિનાગમના રહસ્યો સમજવા માટે અગત્યનું શાસ્ત્ર છે.

અનુયોગ એટલે વ્યાખ્યા. શાસ્ર સિદ્ધાંતોની વ્યાખ્યા કેવી રીતે કરી શકાય? કેવી રીતે સમજી શકાય? તેના દ્વાર=માર્ગ તે અનુયોગદ્વાર સૂત્ર. તેમાં ઉપક્રમ–નિક્ષેપ–અનુગમ અને નય આ ચાર દ્વારો જિનાગમોને સમજાવનારા મુખ્ય દ્વારો છે. પ્રાચીન પદ્ધતિ પ્રમાણે આ રીતે સૂત્રોના અર્થો ગુરુઓ શિષ્યને સમજાવતા હતા.

- ઉપક્રમ : ગૂઢ શાસ્ત્રના રહસ્યને સુગમ રીતે ટુંકાણમાં સમજાવવા તે ઉપક્રમ.
- નિક્ષેપ : વિવિધ શબ્દોના નામ–સ્થાપના આદિ ભેદો પાડીને અભિપ્રેત શબ્દ ક્યો છે? એનું ઊંડુ રહસ્ય પ્રગટ કરવું તે નિક્ષેપ. (જધન્યથી નિક્ષેપાના ચાર પ્રકાર છે. નામ–સ્થાપના–દ્રવ્ય ને ભાવ )
- અનુગમ : સૂત્રનો અર્થની સાથે સંબંધ જોડવો. અર્થાત્ આ સૂત્રનો આ અર્થની સાથે યોગ્ય સંબંધ છે. એમ સમજાવવું તે અનુગમ.
- નય : દરેક પદાર્થોમાં પરસ્પર વિરોધી એવા અનંતા ધર્મોનું અસ્તિત્વ હોય છે. પણ તેમાના કોઈ પણ એક ધર્મનો મુખ્યતયા સ્વીકાર તે નય.
- આગમના વ્યવસ્થિત અર્થના ઈચ્છુકે આ શાસ્રનો અભ્યાસ કરવો અનિવાર્ય છે. કેટલાક મતે આની રચના વિક્રમની બીજી શતાબ્દીમાં થઈ છે તેના રચયિતા આર્યરક્ષિત સૂરિ છે.